સુવિચાર
''થીગડું મારતાં આવડવું એ પણ એક કળા છે. પછી એ વસ્ત્રમાં મારવાનું હોય કે વાતમાં...!''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૮/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
બટેકા નાયલોન/ મસાલા વેફર્સ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ : વિક્રમ સંવત ૨૦૮૧ શ્રાવણ વદ-૧૨ વર્ષ : ૧૬ અંક : ૨૧૧

## ભારે વરસાદી માહોલમાં દરિયામાં મોટા મોજા ઉછળતા હોય

# જાફરાબાદથી ૩૦ નોટિકલ માઈલ દૂર ૨ બોટ દરિયામાં ડૂબી

**એક બોટ જાફરાબાદની અને બીજી બોટ ઉનાનાં રાજપરા ગામની હોવાનું બહાર આવ્યું**

**એક બોટમાં ૯ અને બીજી બોટમાં પણ ૯ મળી કુલ ૧૮ ખલાસીઓનું જીવન જોખમમાં મુકાયું**

**કોસ્ટગાર્ડ દ્વારા ૧૧ ખલાસીઓનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ અને ૭ની તલાસ શરૂ**

**માચ્છીમારી માટે ગયેલ તમામ ૭૦૦ બોટને પરત બોલાવવામાં આવી**





અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા સહિતના વિસ્તારોમાં હવામાન ખાતાએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ત્યારે જાફરાબાદ નજીક આવેલ દરિયો ભારે પવનના કારણે તોફાની બનતા અને દરિયામાં મોટા મોટા મોઝા ઉછળતા જાફરાબાદથી ૩૦ નોટિકલ માઈલ દૂર બે બોટ ડૂબી ગયાનું જાણવા મળેલ છે. જે બે બોટ પૈકી એક બોટ જાફરાબાદની અને બીજી બોટ ઉનાના રાજપરાની બોટ હોવાનું જાણવા મળેલ છે. જાફરાબાદ નજીક આવેલ દરિયો ભારે પવનના કારણે તોફાની બનતા માચ્છીમારી કરવા ગયેલ તમામ બોટને પરત બોલાવવામાં આવી રહી છે.

જાફરાબાદ નજીક આવેલ દરિયો ભારે પવન ફૂંકાવાના કારણે દરિયામાં મોટા લોઢ ઉછળી રહયા છે. ત્યારે આ તોફાની બનેલા દરિયામાં જાફરાબાદથી ૩૦ નોટિકલ માઈલ દૂર જાફરાબાદની 'જયતાત્કાલિક' બોટ અને ઉના તાલુકાના રાજપરા ગામની 'મુરલીધર બોટ' ડૂબી હોવાની માહિતીઓ મળી હતી.

આ બે બોટમાં કુલ ૧૮ જેટલાં માચ્છીમારો હતા. તેમાંથી ૧૧ જેટલાં માચ્છીમારોનું કોસ્ટગાર્ડ દ્વારા રેસ્કયુ કરી બચાવી લેવાયા છે અને ૭ જેટલાં માચ્છીમાર હજુ લાપતા હોય તેમની પણ કોસ્ટગાર્ડ દ્વારા શોધખોળ શરૂ કરવામાં આવેલ છે.

જાફરાબાદ પંથકના દરિયામાં ખરાબ વાતાવરણ હોવાના પગલે રેસ્કયુ માટે હેલિકોપ્ટર લાવવું મુશ્કેલ હોય ત્યારે જાફરાબાદ માચ્છીમારોમાં ચિંતાનો માહોલ છવાયો છે.

તો બીજી તરફ જાફરાબાદ નજીક આવેલ દરિયો ભારે પવનના કારણે તોફાની બનતા માચ્છીમારી કરવા ગયેલ તમામ ૭૦૦ બોટને પરત કિનારે પરત બોલાવવામાં આવી રહી છે.

---

## ભારે વરસાદ સાથે કડાકા ભડાકા થયા

# બગસરા : નવા વાઘણીયા ગામે વીજળી પડતાં મકાનને ભારે નુકસાન

**ઈલેકટ્રીક ઉપકરણો બળીને ખાખ થયા**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરા તાલુકાના નવા વાઘણીયા ગામે વરસાદના કારણે વીજળીના કડાકા ભડાકા થતા મકાન પર વીજળી પડતા મકાન માલિક કમલેશભાઈ વિઠ્ઠલભાઈ સાકરીયા પૂછતા તેમણે જણાવ્યું સોલાર પેનલ પંખા ફ્રીજ કલર ટીવી મકાનમાં ભારે નુકસાન આશરે દસ લાખ જેવું નુકસાન થયેલ છે તેમજ સરકાર પાસે સહાય માટે માંગણી કરેલ આ બાબતે તે જ ગામના બગસરા તાલુકા ભાજપ મહામંત્રી દેવરાજભાઈ રાંક સંપર્ક કરતા તેમણે સરકારમાં ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી યોગ્ય કરવા ખાતરી આપી હતી.

---

# સાવરકુંડલાનાં યુવકે જીંદગીથી કંટાળી ટ્રેનનાં પાટા નીચે પડતુ મુકી દેતા મોત

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલા ગામે આવેલ શીતળામાંના મંદિર પાસે રહેતા લાલજીભાઈ વલ્લભભાઈ પરમાર નામના ૩૯ વર્ષિય યુવકે જીવનથી કંટાળી જઈ ગત તા. ૧૬ ના રોજ બપોરના ૧ વાગ્યાના પહેલા કોઈપણ સમયે સાવરકુંડલા રેલ્વેના પીપરવાડી વિસ્તારમાં ટ્રેનનાં પાટા નીચે પડતું મુકી દેતા તેમને ગંભીર ઈજા થતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## નશો કરવાની આદતે જીંદગી પૂર્ણ કરાવી

# બગસરાનાં યુવકનું વધારે પડતાં નશાનાં ટીકડા ખાઈ જવાથી મોત

**સારવાર દરમિયાન યુવકે અંતિમશ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૯

બગસરાના વાલ્મીકીવાસ અમરપરામાં રહેતા અીન રમેશભાઈ સોલંકી નામના ૩૫ વર્ષિય યુવકને નશો કરવાની ટેવ હોય તેઓ કાયમ નશાના ટીકડા ખાતા હોય. તેથી તેમની પત્નિ પણ તેને છોડીને જતી રહેલ હતી. જેથી તે એકાંતી જીવન હોય ગત તા. ૬ના રોજ બપોરે ૧ થી ૧:૩૦ વાગ્યા દરમ્યાન બગસરા અમરપરા વાલ્મીકી વિસ્તારમાં એકી સાથે વધારે પડતા નશાના ટીકડા ખાઈ જતા તેમને ગંભીર હાલતમાં સારવારમાં ખસેડાયેલ જયાં તેમનું સારવાર મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

## અજાણ્યા ચોર ઈસમે પ્રવેશ કર્યો

# લાઠીનાં દુધાળા ગામે રહેણાંક મકાનમાં રાત્રિનાં ઘુસી ૮૦ હજારની ચોરી

**સ્થાનિક પોલીસે તસ્કરની શોધખોળ આદરી**

અમરેલી, તા. ૧૯

લાઠી તાલુકાના દુધાળા ગામના વતની અને હાલ સુરત ખાતે રહેતા રાજેશભાઈ ભગવાનભાઈ રાદડીયા નામના ૪૬ વર્ષિય ખેડુતના ઘરમાં ગત તા. ૧૫ ના મોડી રાત્રીના બારેક વાગ્યાથી પોણા બેએક વાગ્યા સુધીમાં કોઈ અજાણ્યો ચોર ઈસમે પ્રવેશ કરી રૂમનો દરવાજાનો હુક તોડી રૂમમાં ખેડૂતના પત્નિના પર્સ તથા ખેડૂતનુ પાકીટ રાખેલ હોય તેમાથી રોકડ રકમ રૂપિયા ૭૫,૦૦૦ તથા આધારકાર્ડ તથા ડ્રાઈવિંગલાઈસન્સ વિગેરે તેમજ ખેડૂતની પત્નિની બે કાંડા ઘડીયાળ તથા કટલેરીનો સામાન અંદાજે કિંમત રૂપિયા ૫૦૦૦ મળી કુલ રૂપિયા ૮૦,૦૦૦ ની મત્તાની ચોરી કરી લઈ ગયાની લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

---

## મોટા ભમોદ્રા ગામનાં યુવકે કાળુ મોં કર્યુ

# સાવરકુંડલાનાં એક ગ્રામ્ય વિસ્તારની યુવતી સાથે અવારનવાર શરીર સબંધ બાંધ્યો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧૯

સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૧૮ વર્ષિય યુવતીને સાવરકુંડલા તાલુકાના મોટા ભમોદ્રા ગામે રહેતા આરોપી સમીરભાઈ ઉર્ફે સમો નાથાભાઈએ અવાર–નવાર લગ્ન કરવાની લાલચ આપી ગત તા. ૧૬ના પણ ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી ૧:૩૦ વાગ્યાના સમયે ભોગ બનનારના ઘરની બહારથી ભોગ બનનારનો હાથ પકડી મોટા ભમોદ્રા ગામે આવેલ સરકારી કવાર્ટરમાં લઈ જઈ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શારીરિક સબંધ બાંધેલ તેમજ આ સિવાય અગાઉ પણ બે વખત ભોગ બનનારને લગ્ન કરવાની લાલચ આપી લગ્ન નહી કરી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

દુકાન ભાડે આપવાની છે
અમરેલીના ચિતલરોડ ઉપર રોયલ કોમ્પલેક્ષમાં અંડરગ્રાઉન્ડ દુકાન
૧૦ ફુટ પહોળાઈ ૨૦ ફુટ લંબાઈની દુકાન ભાડે આપવાની છે
: સંપર્ક :
૯૪૨૬૯ ૩૮૪૪૨

Wanted
Ex serviceman at Nageshree Toll Plaza. Please contact Mr. Mohin Admani Mobile Number 8511478280

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
89,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૯/૦૮/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
શ્યામ કેટરર્સ
The King of catering service
સ્પે. ગુજરાતી થાળી
અરજણભાઈ પટેલ
મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ ચુરમાનાં લાડુ
અને શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
Mo.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી - ૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000-7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000-7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં

# ભગવાન શ્રી કૃષ્ણનાં જન્મોત્સવની સમગ્ર જિલ્લામાં આસ્થાભેર ઉજવણી

# અમરેલી જિલ્લામાં 'નંદઘેર આનંદ ભયો જય કનૈયા લાલકી'નો નાદ ગુંજી ઉઠયો

**જિલ્લાભરમાં અલૌકિક દર્શન, શોભાયાત્રા, મટકી ફોડ સહિતનાં કાર્યક્રમો યોજાયા**

**અનેક શહેરોમાં પરંપરાગત લોકમેળો યોજાતા વિશાળ જનમેદની એકત્ર થઈ**

**સીનિયર સિટીઝન પાર્ક ખાતે એએચપી દ્વારા ભગવાન શ્રીનાથજીની ઝાંખીનાં દર્શન યોજાયા**

**જન્માષ્ટમી પર્વને લઈને પોલીસ વિભાગે ખડેપગે રહીને બંદોબસ્ત જાળવ્યો**



અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરમાં આંતરરાષ્ટ્રીય વિ હિંદુ પરિષદ તેમજ બજરંગદળદ્વારાજન્માષ્ટમીપર્વનિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યુંહતું. શહેરનામુખ્યમાર્ગોપરપસાર થયેલીઆશોભાયાત્રામાંમોટીસંખ્યામાં ભકતોએ ઉમંગ અને ભકિતભાવ સાથે હાજરી આપી હતી. શોભાયાત્રા દરમિયાન શ્રીકૃષ્ણના વિવિધ સ્વરૂપો દર્શાવતી આકર્ષક ઝાંખીઓ તૈયાર કરવામાં આવી હતી જેને જોવા મોટી સંખ્યામાંશ્રદ્ધાળુઓઉમટીપડયાહતા.

શોભાયાત્રા દરમિયાન ભજન-કીર્તન, ધ્વજમાર્ચ અને વાદ્યવૃંદના ગજવાજા વચ્ચે શહેરભરમાં ભકિતમય માહોલ છવાઈ ગયો હતો. નાનાથી લઈને મોટા સૌએ શ્રદ્ધાભેર શોભાયાત્રામાં જોડાઈને જન્માષ્ટમી મહોત્સવની આનંદમય ઉજવણી કરી હતી. માર્ગ પર ભકતો દ્વારા આરતી, ફૂલવર્ષા અને શ્રીકૃષ્ણના જયઘોષ થકી સમગ્ર વાતાવરણ ગોકુળની જેમ રંગાઈ ગયુંહતું.

આપ્રસંગેધારાસભ્યકૌશિક વેકારીયાખાસઉપસ્થિતરહ્યાહતાઅને તેમણે ભકતોને સંબોધન કરતા જણાવ્યું કેજન્માષ્ટમીપર્વઆપણનેસત્ય, ન્યાય અનેધર્મનામાર્ગેચાલવાપ્રેરણાઆપેછે. શ્રીકૃષ્ણના ઉપદેશો આજના યુગમાં સમાજ માટે માર્ગદર્શક છે અને દરેકે જીવનમાં તેમના આદર્શોને અપનાવવા જોઈએ.

શોભાયાત્રા માટે શહેર પોલીસ, વનવિભાગઅનેસ્વયંસેવકોએ સુરક્ષાતેમજવ્યવસ્થાપનમાટેખાસકાળ જી લીધી હતી. સમગ્ર માર્ગ પર ભકતો માટે પાણી-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. શોભાયાત્રા પૂર્ણ થયા બાદ આરતી તેમજ પ્રસાદ વિતરણથી કાર્યક્રમનોસમાપનથયોહતો.

આ રીતે અમરેલીમાં યોજાયેલી જન્માષ્ટમીની શોભાયાત્રા માત્ર ધાર્મિક કાર્યક્રમ જ નહીં પરંતુ સામૂહિકભકિત, એકતાઅનેપરંપરાનો જીવંતપ્રતિકબનીરહીહતી.

**સાવરકુંડલા**

સાવરકુંડલામાં જન્માષ્ટમીની ઉજવણી નિમિત્તે વિ હિન્દુ પરિષદ-બજરંગદળપ્રેરિતહિન્દુ યુવા સંગઠન દ્વારા ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનુંઆયોજનકરવામાંઆવ્યું હતું. આશોભાયાત્રામાંબહોળીસંખ્યામાં સંખ્યામાં ભાવિક ભકતો જોડાતા સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બન્યું હતું.

'નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલકી' અને 'હાથીઘોડાપાલખી જય કનૈયા લાલકી'ના ગગનભેદી નારા સાથે આ શોભાયાત્રાનો પ્રારંભ શ્રી સનાતન આશ્રમ, જેસર રોડથી થયો હતો. શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી આ યાત્રામાં ૧૦૮ કાનુડા, રજવાડીરથ, અનેવિવિધફલોટસખાસ આકર્ષણનુંકેન્દ્રબન્યાહતા. આઉપરાંત, મોટીસંખ્યામાંશણગારેલાટ્રેકટરોપણ યાત્રામાંજોડાયા હતા. ૪૩ દિવસના વિરામબાદઆવેલાધોધમારવરસાદમાં પણ ભકતોનો ઉત્સાહ એક ટકા પણ ઓછો થયો નહોતો. વરસાદી માહોલમાં અને આનંદ-ઉમંગ સાથે નાસિક ઢોલ અને ડી. જેના સંગે શહેરમાં નીકળેલ આ આ શોભાયાત્રાએ વિશેષ આકર્ષણ જમાવ્યું હતું અને નગરજનોને કૃષ્ણમય વાતાવરણનો અનોખો અનુભવ કરાવ્યો હતો. આ દિવ્ય દશ્યને માણવા અને ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેની શ્રદ્ધા વ્યકત કરવા બહોળી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. આ શોભાયાત્રાનું સમાપન શ્રી ગોવર્ધનનાથજી હવેલી ખાતે થયું હતું. આ દિવ્ય મહોત્સવને સફળ બનાવવા માટે સાવરકુંડલા શહેરની તમામ જાહેર સંસ્થાઓ, વિવિધ જ્ઞાતિઓના અગ્રણીઓ અને હિન્દુ ધર્મપ્રેમી જનતાએ સક્રિય સહભાગિતા નોંધાવી હતી. એકતો શ્રાવણ માસની કૃષ્ણ પક્ષની અષ્ટમી અને એમાં મેઘાની રમઝટે વાતાવરણને ખરા અર્થમાં ગોકૂળ મથુરાની અનુભુતિ કરાવતો હોય તેવાં દ્રશ્યો સર્જાયા હતા. આ આયોજનની ભવ્ય સફળતા બદલ હિન્દુ યુવા સંગઠનના પ્રમુખ પ્રણવભાઈ વસાણી અને તેમની સમગ્ર ટીમ દ્વારા તમામ સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો છે. તેમણે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દિવસ-રાત જોયા વગર મહેનત કરનાર તમામ સ્વયંસેવક મિત્રોનો જાહેરમાં આભાર માન્યોહતો.

**વડિયા**

ગુજરાતમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર પ્રાંતમાં જન્માષ્ટમી પર્વની ઉજવણીનો માહોલ કંઈક અલગ જ જોવા મળે છે. અહીં શોભાયાત્રા, મટકી ફોડ, લોકમેળાના ભવ્ય આયોજન કરીને જન્માષ્ટમી ઉજવામાં આવે છે. વડિયામાં જન્માષ્ટમીની ઉજવણી માટે સુરગપરા વિસ્તારમાં સતાધાર યુવક મંડળ અને ગુલઝાર ગ્રૂપ દ્વારા અલગ અલગ જગ્યાએ ચોક શણગાર કરેલ. ગાયત્રી ચોક યુવક મંડળ દ્વારા કૃષ્ણપરા સ્થિત આવેલી હવેલી થી મુખ્ય બજાર થઈ શીતળા ધાર સુધી યોજવામાં આવેલી શોભાયાત્રામાં ડીજેના તાલે મટકીફોડના કાર્યક્રમ અને ડીજેના તાલે નંદ ઘેર આંનદ ભયો જય કનૈયા લાલ કીના ગીત પર લોકો જુમ્યા હતા. તો શીતળા ધાર ખાતે ભવ્ય લોકમેળાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. જેમા ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયા દ્વારા લોકમેળો ખુલ્લો મુકાયો હતો. વડિયામાં જન્માષ્ટમીની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાતા રાસ ગરબાની રમઝટ વચ્ચે હૈયે હૈયું દળા યુ હતું. જન્માષ્ટમી ઉત્સવ ના તહેવારને આ સફળ આયોજનને લોકોએ અને શિતળા માતાજીના મંદિરનાં મહંત ભરતગીરી ગોસાઈએ બિરદાવ્યું હતુ.

**લીલીયા**

લીલીયા મોટા ખાતે જન્માષ્ટમી પર્વની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાલકૃષ્ણ લાલજી હવેલી રામજી મંદિર ખાતે ભવ્યાતી ભવ્ય રીતે કૃષ્ણ જન્મોત્સવનું આયોજન કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં કૃષ્ણ ભકતો ઉપસ્થિત રહ્યા હતા. કૃષ્ણ ભકતો દ્વારા નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીના નાદ સાથે નંદ ભૈયાનું આયોજન કરવામાં આવેલ. તારીખ ૧૭/૮/૨૦૨૫ રવિવારના રોજ બપોરના બે કલાકે રામજી મંદિર ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ ડો. પ્રવીણભાઈ તોગડીયા, ડો. જી.જે. ગજેરા, નિર્મલભાઈ ખુમાણ સહિત વિવિધ હિન્દુ સંગઠનના અગ્રણીઓ, આગેવાનો, યુવાનો, ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સમગ્ર શહેર કૃષ્ણમય રંગે રંગાઈ ગયું હતું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
સેલ્સ & સર્વિસ
ઉપલબ્ધ સુવિધાઓ
રેન્ટલ સર્વિસ
પ્રોજેકટર + સ્ક્રીન
૫૫" ટીવી
લેપટોપ
P.A. (માઈક) સીસ્ટમ
કોર્ડલેસ માઈક સીસ્ટમ
માઈક સીસ્ટમ ઈન્સ્ટોલેશન
સર્વેલન્સ સર્વિસીઝ
ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
મીડીયા નેટવર્ક (કેટ-૬ & ફાયબર કેબલ)
ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
શૈલેષ ગોંઢા
90 812 34 307
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)

પવિત્ર શ્રાવણ નિમિતે
ટોપરાપાક,
શિંગપાક,
સ્પે. માવાના પેંડા, ફરાળી ગુલાબ જાંબુ
ફરાળી ચેવડો ■ બટેટા વેફર ■ કેળા વેફર
હાજરમાં મળશે
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
શિવ
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨
મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫












# અમરેલીનાં સુપ્રસિધ્ધ "નીલકંઠ જવેલર્સ" દ્વારા ૧૫મી ઓગસ્ટની ઉજવણી








અમરેલી : નિલકંઠ જવેલર્સ દ્વારા ૧૫મી ઓગસ્ટ, સ્વતંત્રતા પર્વ નિમિત્તે દેશભકિત અને ઉલ્લાસથી ભરપૂર ઉજવણી કરવામાં આવી. આ ભવ્ય કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરીજનો ઉત્સાહભેર જોડાયા હતા. આઝાદીના પર્વની ઉજવણી નિમિત્તે, શો–રૂમને તિરંગા થીમના રંગબેરંગી ફુગ્ગાઓ અને સજાવટથી શણગારવામાં આવ્યો હતો. આ ઉપરાંત, એક વિશાળ બાઈક રેલીનું આયોજન થયું જેમાં ડીજેના સંગીત અને ભારત માતા કી જયન જય ઘોષ સાથે મોટી સંખ્યામાં યુવાનો જોડાયા. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી વાળી હતી. જેનાથી સમગ્ર વાતાવરણ દેશપ્રેમથી ગુંજી ઉઠયું હતું. આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ દેશપ્રેમીઓને આઈસ્ક્રીમ પીરસીને મોં મીઠા કરાવવામાં આવ્યા હતા. આ પાવન પર્વની ઉજવણીમાં અનેક નામાકિત વ્યકિતઓ, જેમાં ડોકટરો, અધિકારીઓ તથા વેપારી મિત્ર મંડળના સભ્યો અને વિવિધ સામાજિક સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સૌએ સાથે માળીને આઝાદીના પર્વની ઉજવણી કરી અને દેશ પ્રત્યેની પોતાની લાગણી વ્યકત કરી હતી. નિલકંઠ જવેલર્સ દ્વારા આયોજિત આ કાર્યક્રમ દેશભકિતની ભાવનાને વેગ આપવાનો અને સૌને એકતાના તાંતણે જોડવાનો એક સરાહનીય પ્રયાસ હતો.

### પુજારીનાં રહેણાક મકાનનું નવ પ્રસ્થાન યોજાયું

## અમરેલીનાં રામજી મંદિરની દીવાલ માટે કોંગી સાંસદે ૫ લાખની ગ્રાન્ટ ફાળવી

### પૂર્વ ધારાસભ્ય પરેશ ધાનાણીએ ચેક અર્પણ કર્યો



અમરેલી, તા. ૧૯

અમરેલી સરકાર વાડામાં રામજી મંદિરના પૂજારી નિવાસસ્થાનનું લોકાર્પણ કરવામાં આવ્યું. સાથે જ રામજી મંદિર માટે કંપાઉન્ડ વોલના નિર્માણ માટે રાજયસભાના કોંગ્રેસ સાંસદ શક્તિસિંહજી ગોહિલ બાપુ દ્વારા મંજૂર કરાયેલ રૂપિયા ૫ લાખની ગ્રાન્ટનો પત્ર, કોંગ્રેસ અગ્રણી તથા અમરેલીના પૂર્વ ધારાસભ્ય પરેશભાઈ ધાનાણી દ્વારા મંદિરના ટ્રસ્ટીને અર્પણ કરવામાં આવ્યો તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.

### વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ દ્વારા

## પ્રાકૃતિક કૃષિ અભિયાનનાં પ્રણેતાં પ્રફુલ્લભાઈ સેંજલીયાનો ખેડુત સંવાદ યોજાયો

### મોટી સંખ્યામાં ખેડુતો ઉપસ્થિત રહયા

અમરેલી, તા. ૧૪

અમરેલી જિલ્લાના મોટા માંડવડા ગામના, પ્રાકૃતિક કુષિ અભિયાનના પ્રણેતા એવા કિસાન આગેવાન પ્રફુલ્લભાઈ સેજલીયાની ૭૨ મી વર્ષગાંઠ નિમિત્તે, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા અને પ્રફુલ્લભાઈ સેજલીયા શુભેચ્છક પરિવાર મોટાં માંડવડાના સંયુક્ત ઉપક્રમે, અભિવાદન અને પ્રાકૃતિક કુષિ ખેડૂત સંવાદ કાર્યક્રમનું આયોજન કરેલ. પ્રફુલ્લભાઈ સેજલીયા, છેલ્લા ૪૦ વર્ષ થી ખેડૂતો ને સંગઠિત કરી, તેના હક અને જવાબદારીઓ બાબતે સેન્સીટાઈઝ કરી રહ્યા છે, તેમજ ગાય આધારિત પ્રાકૃતિક કુષિ અભિયાન ચલાવી રહ્યા છે, તેમનું સમગ્ર જીવન ખેડૂતોના હિત અને રાષ્ટ્રીય કલ્યાણની કામગીરી માટે સમર્પિત કરી રહ્યા છે. ત્યારે તેની સેવાની નોંધ લઈ, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા દ્વારા તેમનાં ૭૨ માં જન્મ દિવસે તેમને કુષિ રૂષિ એવોર્ડ એનાયત કરવામાં આવેલ. તેમજ તેમના વિવિધ શુભેચ્છકો દ્વારા પણ સન્માનિત કરવામાં આવેલ.

આ પ્રસંગે સ્વામી નારાયણ મંદિર બગસરાના સંત વિવેક સ્વામી, જળક્રાંતિ ટ્રસ્ટ જામકાના પરશોતમ સીદપરા, ભારતીય રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ભરતભાઈ, બાલુભાઈ ગઢીયા, ગોબરભાઈ બોરડ, ગોલણ ભાઈ વાળા, દેવરાજભાઈ ભુવા, પ્રવીણભાઈ આસોદરીયા, દિનેશભાઈ ટીબડિયા, મુકેશભાઈ કયાડા, મનોજભાઈ, અરવિંદભાઈ, અનીલભાઈ, ચેતનભાઈ વગેરે એ પોતાનો લાગણી ભાવ વ્યક્ત કરી, સૌને પ્રફુલ્લભાઈ સેજલીયાના જીવન અને કવન વિશે સંવાદ કરેલ તેમજ ગાય આધારિત પ્રાકૃતિક કુષિ શા માટે જરૂરી છે? તેની સરસ સમજુતી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના વિવિધ ગામોમાં થી ૨૫૦ થી વધુ શુભેચ્છકો સહભાગી બનેલ. તેમ મહેન્દ્રભાઈ પાથરની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

### અસહ્ય ગરમી અને તાપ વચ્ચે

## બગસરા પંથકમાં સવા ઈંચ જેટલા વરસાદથી વાતારવણમાં ઠંડક પ્રસરી

### સમગ્ર પંથકનાં ખેડુતોમાં ખુશીનો માહોલ



બગસરા, તા. ૧૯

બગસરા આસહ્ય ગરમી અને તાપ બાદ બપોરના સમયે વરસાદ પડતા વાતાવરણમા ઠંડક પ્રસરી ગઈ હતી.બગસરાના નીચાણવાળા વિસ્તાર જેવાકે પોલિશ સ્ટેશન રોડ, કુંકાવાવ નાકા તેમજ હોસ્પિટલ રોડ અને શાક માર્કેટ જેવા વિસ્તરોમાં પાણી ભરાઈ ગયા હતા, અને ખેડૂતોમા ખુશીની લહેર છવાઈ ગઈ હતી. જોકે હાલ હજી પણ વરસાદ ધીમી ધારે વર્ષી રહેલ છે. નાના નાના વોકળામા પણ પાણી આવી ગયા હતા. બપોરના સમય દરમિયાન પડી રહેલ વરસાદ સાંજે ૬ કલાક સુધીના સતાવાર વરસાદના આંકડા પ્રમાણે ૨૯ એમ.એમ. એટલે સવા ઈંચ જેવો નોધાયેલ છે.

## લીલીયા મોટા : પટેલ નગરમાં સાંસ્કૃતિક વોલનું ભૂમિ પૂજન કરાયું




લીલીયા મોટા, તા. ૧૯

લીલીયા મોટાના પટેલ નગર વિસ્તારમાં સાંસ્કૃતિક વોલનું ભૂમિ પૂજન વિશ્વ બ્રહ્માકુમારીના બહેનો બેન ચંપાબેન, યોગીતાબેન, ભૂમિકાબેનના વરદ હસ્તે વિધિવત રીતે ભૂમિ પૂજન કરાયું આ સાંસ્કૃતિક વોલ અંદાજે પાંચ લાખ જેવી માતબર રકમમાં તૈયાર થવા જઈ રહ્યો છે આ સાંસ્કૃતિક વોલ સામાજિક ધાર્મિક તથા આસપાસના તમામ લોકોને ખાસ ઉપયોગ થવાનો હોય ત્યારે આ સાંસ્કૃતિક વોલ બનતા વિસ્તારના રહીશો દ્વારા સારા કામની શુભકામનાઓ પાઠવવામાં આવેલ આ તકે ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા, વિપુલભાઈ દુધાત, સરપંચ જીવનભાઈ વોરા, ઘનશ્યામ મેઘાણી, કેપ્ટન ધામત, ભુરાભાઈ શેખલીયા, હમીર આપા, જીગ્નેશ ઝિંઝુવાડીયા, ભનુભાઈ ડાભી, ભરતભાઈ ઠુંમર સહિતના રાજકીય સામાજિક અને સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## રાજુલા : મંદ બુધ્ધિની ખોવાયેલ દિકરીને પરિવાર સાથે મેળવી આપતી પોલીસ



રાજુલા, તા. ૧૯

રાજુલામાં તુલસી બાગ નજીક એક નાની દિકરી અંદાજિત ઉંમર ૭ જે મંદ બુધ્ધિની હોય અને ઘરેથી નીકળી ગયેલી હોય જે તુલસી બાગ પાસે ટ્રાવેલ્સ નો બિઝનેસ કરતા ગિરિશ બાપુને ધ્યાને આવતા તેમણે ઈસુફભાઈ એવન પાનવાળાને આ વાત કરતા આ ઈસુફભાઈ અને ગિરીશભાઈ બંને વ્યક્તિઓ આ દિકરીને લઈને રાજુલા પોલીસ સ્ટેશન આવેલા. ત્યારે રાજુલા ટાઉનમાં અમિતભાઈ હરેશભાઈ તેમજ સુરેશભાઈ ભરવાડ આ સમયે હાજર હોય. ત્યારે આ દિકરીની વાત કરેલી. ત્યારે તેમણે આ દિકરીઓના વાલીને ગોતવા માટે સતત સંપર્ક શરૂ કર્યા. ત્યારે આ દિકરી મુસ્લિમ સમાજની હોય તેવું જોતા લાગી રહ્યું હતું. ત્યારે રાજુલા પોલીસ દ્વારા ઓલ મુસ્લિમ સમાજના પ્રમુખ આરીફભાઈ જોખિયા ઈનુસભાઈ પટેલ મોબાઈલ તેમજ મોહસીનભાઈનો સંપર્ક કરેલો. ત્યારે એમના દ્વારા તેમના સમાજના સોશિયલ મીડિયા ગ્રુપમાં આ મેસેજ કરવામાં આવેલો. ત્યારે રાજુલા પોલીસ તેમજ મુસ્લિમ સમાજના અગ્રણીઓની બે કલાકની ભારે જહેમત બાદ આ દિકરીના વાલીનો સંપર્ક થયેલો અને ત્યારબાદ આ દિકરીને વાલી રાજુલા પોલીસ સ્ટેશન આવેલ અને આ દિકરી તેમના પરિવારને સોંપવામાં આવી. ત્યારે આ દિકરીને સોંપતા તેમના પરિવાર દ્વારા પોલીસ તેમજ તેમજ સમાજના અગ્રણીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

## અમરેલી : ધારાસભ્ય કૌશિક વેકરીયાની સાજિયાવદર ગામની મુલાકાત




અમરેલી, તા. ૧૯

અમરેલી ધારાસભ્ય કૌશિક વેકરીયાએ તાજેતરમાં સાજિયાવદર ગામની મુલાકાત કરી હતી. ગામમાં આગમન સમયે ગામજનો અને આગેવાનો દ્વારા તેમનું સ્નેહભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

મુલાકાત દરમિયાન ધારાસભ્યએ ગામના આગેવાનો તેમજ ગ્રામજનો સાથે બેઠકો યોજી અને તેમની સમસ્યાઓ તથા વિકાસ સંબંધિત મુદ્દાઓ અંગે વિગતવાર સંવાદ કર્યો. ગ્રામજનો દ્વારા પાણી, રસ્તા, આરોગ્ય અને શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધાઓ અંગેની માંગણીઓ રજૂ કરવામાં આવી. ધારાસભ્યએ દરેક રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી અને સરકાર સ્તરે યોગ્ય પ્રતિનિધિત્વ કરવાની ખાતરી આપી.

આ અવસરે તેમણે જણાવ્યું કે રાજય સરકાર ગ્રામ્ય વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને ગામના સર્વાંગી વિકાસ માટે જરૂરી તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવશે. ગામના યુવાનોને સ્વરોજગાર અને શિક્ષણ ક્ષેત્રે સહાયતા મળે તે માટે વિશેષ યોજના અમલમાં લાવવામાં આવશે. તેમ પણ તેમણે આશ્વાસન આપ્યું.

## દામનગર ખાતે આસ્થાભેર કાવડ યાત્રાનુ આયોજન થયુ




દામનગર, તા. ૧૯

દામનગર શહેરમાં સમસ્ત બ્રહ્મ સમાજ આયોજિત સૌ પ્રથમ કાવડ યાત્રા યોજાય પૌરાણિક કાળથી ભગવાન પરશુરામજી દ્વારા પ્રારંભયેલ કાવડ યાત્રા શહેરભરમાં બિરાજતા ૧૨ જયોતિલીગની પ્રતિકૃતિ સમાં શિવાલયોમાં બ્રહ્મકુમારો દ્વારા જળાભિષેક સ્વયંભૂ પ્રાગટય કુંભનાથ મહાદેવ મંદિરથી પવિત્ર જળ સાથે પ્રસ્થાન કાવડ યાત્રા શહેરના મુખ્ય રાજમાર્ગો ઉપર હરહર મહાદેવના ગગન ભેદી નાદ સાથે પ્રારંભ કુંભનાથ મહાદેવ નૂરસિંહજી મંદિર પરિસરમાં બિરાજતા પીપળેર મહાદેવ લુહાર શેરી બિરાજતા રખેર મહાદેવજી, ગંધિયા શેરીમાં નંદીકેર મહાદેવ કે.કે. નારોલા પ્રાથમિક શાળા પરિસર નીલકંઠ મહાદેવ બ્રહ્મસમાજ વાડી સુમન ભવન પંચનાથ મહાદેવ ઉબુધેલીયાની વાડીમાં શ્રી બુધેર મહાદેવ ભગીરથ સોસાયટીમાં ભગીરથ મહાદેવ સત્યનારાયણ આશ્રમમાં બિરાજતા સત્યનારેર મહાદેવ એસ.બી.આઈ. પાસે નાનેર મહાદેવ ભુરખિયા રોડ ઉપર સુખનાથ મહાદેવ વેજનાથ મહાદેવ કાવડ યાત્રા જળાભિષેક કરી વિસર્જન કરાય હતી વૈદિક મંત્રોચ્ચારની ધ્વનિ સાથે શહેરભરમાં બિરાજતા ભગવાન શિવજીનો બ્રહ્મ કુમારો દ્વારા જળાભિષેક કરાયો હતો સવારના કુંભનાથ મહાદેવના સાનિધ્યમાંથી પ્રારંભ થયેલ કાવડ યાત્રા બપોરના ૧૨ કલાકે ૧૨ જયોતિલીગના જળાભિષેક સાથે વેજનાથ મહાદેવના સાનિધ્યમાં વિસર્જન કરાય હતી.

## ખેડુતોએ ફાર્મર આઈ.ડી. મેળવવા ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ પર નોંધણી કરાવવી

અમરેલી, તા. ૧૯

ફાર્મર રજિસ્ટ્રી બાકી હોય તેવા અમરેલી જિલ્લાના તમામ ખેડુત ભાઈઓ–બહેનો સેલ્ફ રજિસ્ટ્રેશન કરી ફાર્મર આઈ.ડી. મેળવી શકશે. ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ : રજિસ્ટ્રેશન કેવી રીતે કરી શકાય?

ભારત સરકારની સૂચના મુજબ તા.૧/૧/૨૦૨૫થી ફાર્મર આઈડી ફરજિયાત છે. જમીન રેકોર્ડ ૮–અ અને ૭–૧૨માં ખેડૂત તરીકે નામ ધરાવતા હોય તેવા તમામ ખેડૂતોએ ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ https://gifr.agristack.gov.in/farmar-registry-gi/# વેબસાઈટ પરથી જાતે જ (ઘર બેઠા સેલ્ફ રજિસ્ટ્રેશન) કરવું. આમ શક્ય ન હોય તો ગ્રામ પંચાયત ખાતે વિલેજ કમ્પ્યુટર એન્ટરપ્રીન્યોર (વિ.સી.ઈ.) કે તલાટી કમમંત્રી અથવા નજીકના કોઈપણ સી.એસ.સી. સેન્ટર પરથી રૂબરૂ કે સીટી વિસ્તાર માટે સીટી તલાટીનો સંપર્ક કરીને ડેટા એન્ટ્રી ઓપરેટર મારફત રજિસ્ટ્રેશન કરાવવું.

વિનામૂલ્યે રજિસ્ટ્રેશન : ક્યા દસ્તાવેજ જરૂરી? ખેડૂતોએ રજિસ્ટ્રેશન માટે પોતાનું આધાર કાર્ડ, આધાર કાર્ડ સાથે લીંક કર્યો હોય તે મોબાઈલ નંબર, ૮–અ નકલ, ૭–૧૨ની વિગત સાથે ગ્રામ પંચાયત કે ઈ–ગ્રામ સેન્ટર કે કોમન સર્વિસ સેન્ટર ખાતે હાજર રહેવું. આ રજિસ્ટ્રેશન પ્રક્રિયા તદ્દન વિનામૂલ્યે (નિ:શુલ્ક) છે. ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ખેડૂતોને મળતા લાભ : ફાર્મર રજિસ્ટ્રી હેઠળ ખેડૂતોને ડિજિટલ પ્લેટફોર્મ મારફત સરકારના વિવિધ યોજનાકીય લાભ, કૃષિ ધિરાણ–કે.સી.સી. લોનનો લાભ અને માર્કેટ સંબંધિત જાણકારી સરળ બનશે. વિગતો અને જાણકારી માટે સંપર્ક સૂત્ર : આ અંગે વધુ વિગતો અને જાણકારી ગ્રામ તલાટી કમ મંત્રી–સીટી તલાટી (કસ્બા તલાટી) તેમજ તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી અને તાલુકા મામલતદારનો સંપર્ક કરવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં અનુરોધ કર્યો છે.

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસ વિધાસભા ખાતે ૭૯માં સ્વાતંત્ર પર્વની ઉજવણી



શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સંચાલિત પ્રાથમિક, માધ્યમિક, ઉ.માધ્યમિક સ્કૂલ, જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ, જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ તેમજ કોલેજના સંયુકત ઉપક્રમે ૭૯માં સ્વતંત્ર પર્વ ૧૫મી ઓગષ્ટની ધ્વજવંદન સાથે વૃક્ષારોપણ કરી આનંદ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન લક્ષ્મી ડાયમંડ ગજેરા ગ્રૃપ–બેલ્ઝીયમથી ગીરધરભાઈ ગજેરાના હસ્તે ધ્વજવંદન કરાયું તેમજ વૃક્ષારોપણ કરવામાં આવ્યું, અતિથી વિશેષમાં વસંતભાઈ મોવલીયા, દિનેશભાઈ ભુવા, ડો.કાનાબાર, રમેશભાઈ કાથરોટીયા, વિજયભાઈ દેસાઈ, સુરેશભાઈ દેસાઈ, જીતુભાઈ ગોળ વાળા, ઘનશ્યામભાઈ સોરઠીયા, રાકેશભાઈ નાકરાણી, રૂજુલભાઈ ગોંડલીયા, એમ.કે. સાવલિયા, રાજેશભાઈ ગઢિયા, કાળુભાઈ સુવાગીયા, હિતેશભાઈ મહેતા, પ્રો. પટેલ, રમેશભાઈ ગોલ, મુકેશભાઈ કોરાટ, ગોપાલભાઈ કચ્છી, બાબુભાઈ ધાનાણી, નિમેશભાઈ બાંભરોલીયા, પ્રવીણભાઈ ગજેરા, બાબુભાઈ ગજેરા, રિધેશભાઈ નાકરાણી, રાજુભાઈ ફીણવિયા, કાળુભાઈ રૈયાણી, ભીખુભાઈ કાબરીયા, ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડિયા, ટ્રસ્ટી ડાયાભાઈ ગજેરા, ખોડાભાઈ સાવલિયા, ચતુરભાઈ ખૂંટ વગેરે ટ્રસ્ટીઓ, સમાજના અગ્રણીઓ, સેવાકીય સંસ્થાના પ્રમુખો, ખોડલધામ સમિતિના સભ્યઓ વગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય પર્વની ઉજવણી બાદ પણ દરેક વ્યકિતમાં દેશપ્રેમ અને વિવિધતામાં એકતાની લાગણી કાયમ જીવંત રહે તેવી સૌને શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. આ કાર્યક્રમાં સંસ્થાના વિકાસની વાત કરતાં જણાવ્યુ કે અમરેલીનું ગૌરવ એવી આ શૈક્ષણિક સંસ્થામાં કે.જી. થી પી.જી. સુધીનું શ્રેષ્ઠ શિક્ષણ અને અત્યાધુનિક ટેક્નોલાજી સાથે બાળકોના સર્વાંગી વિકાસ થઈ રહયો છે તે અત્રેના મેનેજમેંટ અને ખાસ સંસ્થાના પ્રમુખની દિર્ઘ દ્રષ્ટા એવા વસંતભાઈ ગજેરાને આભારી છે. ધ્વજવંદન બાદ એન.એસ.એસ. કેડેટ્સ દ્વારા પરેડ કરવામાં આવેલ તેમજ સિદ્ધિ પ્રાપ્ત કરેલ સ્કૂલ અને કોલેજના વિદ્યાર્થીઓનું ઉપસ્થિત મુખ્ય મહેમાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા ઓપ્રેશન સિંદુર અને કારગીલ દિવસને લાગતું દેશ ભકિતને વ્યકત કરતી કૃતિ રજુ કરવામાં આવી હતી. તેમજ દેશભકિત થીમના માધ્યમથી દેશભકિતની જયોત પ્રજજવલિત કરી હતી. આ તકે પ્રમુખ દ્વારા પ્રેરીત વૃક્ષારોપણ અભિયાનમાં હજારો બાળકો જોડાય રહયા છે ત્યારે તેમને અને સ્ટાફ તેમજ પેરેન્ટસને સંસ્થા મેનેજમેન્ટવતી અભિનંદન પાઠવેલ હતા, આ તકે પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ ૭૯માં સ્વતંત્ર પર્વની શુભેચ્છા પાઠવી. આવેલ મહેમાનો આભાર વ્યકત કરી કાર્યક્રમ પૂર્ણ જાહેર કરેલ હતો.

પાના ૮ ઉપરનું ચાલું **વડિયા પંથકમાં ભારે વરસાદથી**

વહાવી નદીમાં લઈ ગયો. આશરે ૨૦ વીઘા જેટલા ખેતરમાં પાક પૂરેપૂરો તબાહ થયો છે. ખેડૂતોના મહિનાઓના પરિશ્રમ અને ખર્ચાયેલા હજારો રૂપિયાનું મૂડી રોકાણ ક્ષણોમાં પાણીમાં વહાઈ ગયું.

ખેતરોમાં ઉભેલા પાક પાણીમાં ડૂબી જતાં ખેડૂતોના ચહેરા પર ચિંતા છવાઈ ગઈ. ખેડૂતોએ જણાવ્યું કે તેઓએ મગફળીમાં ખાતર, દવા અને સિંચાઈનો મોટો ખર્ચ કર્યો હતો, પરંતુ અતિવૃષ્ટિને કારણે હવે સમગ્ર પાક બગડી જવાની શકયતા છે. આ પરિસ્થિતિએ ખેડૂતોના મોંમાંથી કોળીયો જૂટવાયો છે. ઘણા પરિવારો માટે આ પાક જ મુખ્ય આવકનું સાધન હતું.

વિનુભાઈ રાદડીયા પ્રમુખ કિસાન સંઘ વડિયાએ જણાવ્યું કે, સરકાર તાત્કાલિક પરિસ્થિતિનું મૂલ્યાંકન કરે અને ખેડૂતોને યોગ્ય વળતર ચૂકવે. તેમણે કહ્યું કે ખેતી એ ગામડાંના લોકો માટે જીવનરેખા છે. પરંતુ કુદરતી આફતોના કારણે પાક બગડે ત્યારે ખેડૂતોને સહાયરૂપ થવું એ સરકારની જવાબદારી છે. કિસાન સંઘે જિલ્લાવાર તાત્કાલિક સર્વે કરાવવા તથા પાક નુકસાન વળતર માટે રાજય સરકારને રજૂઆત કરવાની જાહેરાત કરી છે.

વડિયા પંથકના ગામડાંમાં વરસાદ બાદના દશ્યો હૃદયવિદારી હતા. ખેતરોમાં પાણી ભરાઈ ગયેલું, પાથરામાં પડેલી મગફળી કાદવમાં પલળી ગયેલી અને કયાંક તો ખેતરના બાંધ બેસી જતાં આખો પાક વહાઈ જતો જોવા મળ્યો. ખેડૂતોને હવે બેવડી ચિંતા છે એક તો હાલના પાકનું નુકસાન અને બીજું ભવિષ્યમાં ફરીથી પાક વાવવા માટે નાણાંની તંગી.

જયારે ખેતી તબાહ થઈ રહી હતી ત્યારે બીજી તરફ કુદરતના અન્ય પાસાઓમાં થોડું સંતુલન જોવા મળ્યું. વડિયાના સુરવો ડેમમાં સાડા પાંચ ફૂટ નવા નીરનો પ્રવાહ આવ્યો છે. ડેમમાં પાણી આવવાથી આગામી દિવસોમાં પીવાના પાણીની સુવિધા અને થોડું સિંચાઈનું આયોજન સરળ બનશે. પરંતુ ખેડૂત સમાજ માટે આ સાંત્વના માત્ર છે, કારણ કે હાલના નુકસાનની ભરપાઈ શકય નથી.

વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ આવા વરસાદ પછી મગફળીના પાથરા પલળી જાય તો દાણાં સડી જાય છે અને બજારમાં તેની કિંમત અડધી પણ રહેતી નથી. ખેડૂતોને નુકસાનથી ઊભા થવા માટે ઓછામાં ઓછા એક વર્ષનો સમય લાગી શકે છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ખેડૂતોમાં સરકાર પ્રત્યે સહાયની આશા છે. વડિયા પંથકના ખેડૂતો એકમતથી કહે છે કે કુદરત સામે માણસ નિર્વળ છે, પરંતુ સરકાર જો તરત જ સર્વે કરી વળતર જાહેર કરે તો તેઓ ફરી હિંમત મેળવી શકે. નહિંતર આર્થિક તંગીના કારણે ગામડાંઓમાં દેવાનો બોજો વધી જશે.

વડિયા પંથકની આ કુદરતી આફત ખેડૂતો માટે એક મોટી ચેતવણી બની છે કે હવામાનમાં થતા ફેરફારો સાથે ખેતીના નવા ઉપાયો અને વીમા જેવી સુવિધાઓ અપનાવવી જરૂરી છે. હાલની તબાહી પછી કિસાન સંઘ દ્વારા સરકારને રજૂઆત કરવામાં આવી છે અને ખેડૂતો રાહ જોઈ રહ્યા છે કે તેમની પીડા સાંભળવામાં આવે.

ધોધમાર વરસાદે વડિયાની જમીનને તો હરિયાળી આપી, પરંતુ ખેડૂતોના જીવનમાં કાળી રાત્રિ જેવી સ્થિતિ ઊભી કરી છે. મગફળીના પાકને થયેલું નુકસાન ખેડૂતો માટે આર્થિક સંકટ સર્જી રહ્યું છે અને હવે એકમાત્ર આશા સરકારની સહાય પર જ છે.

## અવસાન નોંધ

**અમરેલી :** પાલીતાણા નિવાસી નયનેશ મહેશભાઈ દવે (ઉ.વર્ષ ૩૭) (એચડીએફસી બેંક પાલીતાણા) તા. ૧૫/૮/૨૫ શ્રાવણ વદ ૭ને શુક્રવારના રોજ સ્વર્ગવાસી થયેલ છે. તેઓ ધર્મિષ્ઠા નયનેશ દવેના પતિ મહેશભાઈ મનહરલાલ દવે (એલ.આઈ.સી. એજન્ટ)ના પુત્ર, ભરતભાઈ મનહરભાઈ દવે (પેઈન્ટર), મીનાક્ષીબેન બી. દવે, જીતેન્દ્ર એમ. દવે તથા ધર્મેન્દ્ર એમ. દવેના ભત્રીજા થાય. હર્ષ ભરતભાઈ દવે ગ્રીષ્મા બી. દવેના ભાઈ થાય. અમરેલી નિવાસી હિતેન્દ્રભાઈ દયાળજીભાઈ ભટ્ટ, દક્ષાબેન હિતેન્દ્રભાઈ ભટ્ટના જમાઈ આદિત્ય હિતેન્દ્રભાઈ ભટ્ટ, અભિલાષ હિતેન્દ્રભાઈ ભટ્ટના બનેવી થાય. તેમની બંને પક્ષની સંયુકત સાદડી તા. ૧૮/૮/૨૫ને સોમવારે પાલીતાણા ખાતે સોમપુરા જ્ઞાતિની વાડી, રાજવાડી એરીયા ખાતે સાંજના ૪ થી ૬ રાખેલ છે.

## પુછપરછ બારીમાં કોઈ જવાબ આપતુ નથી
# બાબરા પંથકનાં મુસાફરો એસ.ટી. વિભાગની આડોડાઈથી પરેશાન થયા
### વિભાગીય નિયામક મદદ કરે તો સારૂ

બાબરા, તા. ૧૯

બાબરામાં એસ ટી બસ વ્યવહારને લઈ ભારોભાર અન્યાય જોવા મળી રહ્યો મોટાભાગના બસ એકાએક બંધ કરી દેવામાં આવે છે અને અમુક અમદાવાદ આણંદ અને બરોડા સુરતની બસ લાઠી વાયા દોડી રહી છે જેના કારણે શહેરના લોકો તેમજ વેપારીઓને ચાંવડ ઉતરવાની ફરજ પડે છે તો વર્ષોથી ચાલતી જેતપુર બાબરા જૂનાગઢ ભાવનગરની બસ બપોર બાર બંધ કરી દેવામાં આવી છે આવી અનેક નાના મોટા બસ રૂટ ટ્રાફીકનું બાનું ધરી બંધ કરવામાં આવતા મુસાફરોની સુવિધા છીનવાઈ ગઈ છે.

ત્યારે અહીં ડેપોમાં એ.સટી બસ પોઈન્ટ પર ફરજ બજાવતા કર્મચારીઓના જવાબ પણ મુસાફરોને સંતોષકારક મળતો નથી અમુક બસ સીધી જતી રહે છે બસ સ્ટેશનમાં આવતી જતી બસ સમય પહેલા કે સમય બાદ કયારે આવી અને કયારે જતી રહી કે પછી બસ સ્ટેશનના બારોબાર જતી રહી છે જેની જાણ લેવા માટે જયારે મુસાફરો પૂછપરછ બારીએ જાય છે તો જાણવા મળે છે કે ત્યાં તો તાળા લાગ્યા છે ને તમારી બસ તો આવી હોઈ તો આવે ને જવી હોઈ તો જાય અને આવતી જતી સરકારી જી.એસ.આર.ટી. બસના કન્ડકટરો બારીના બાર જેમ ફાવે તેમ રિપોર્ટ ફેંકીને જતા રહે છે અને ત્યાં આવતી ચેકીંગની ગાડીઓના અધિકારીઓને પૂછતા કહેવામાં આવે છે કે એ તો અમને ના ખબર હોઈ અમે તો ચેકીંગ કરવા આવ્યા છીએ તો ચેકીંગ શાનું જયારે નજર સામે આવા અન્યાય થતાં દેખાય છે?

એને જી.એસ.આર.ટી.ની બસોમાં અભણ લોકોને બુજર્ગ વ્યકિતઓ પણ મુસાફરી કરતા હોઈ છે તો જયારે સુચના બારી જ બંધ હોઈ અને કઈ બસ આવી અને કઈ બસ ચાલી ગઈ તેની માહિતી આપતા માહિતીની બારીમાં બેસેલા અધિકારીને માઈકમાં જે તે બસનું મુસાફરોને માર્ગદર્શન આપવાનું થતું હોય તો જયારે ત્યાં જ તાળા લાગેલા હોઈ તો મુસાફરોની બસો તો કયારે આવીને કયારે ચાલી જય તે અભણ મુસાફરો અને વયવૃધ્ધ વ્યકિત શુ કરે. જેથી મન ફાવે તેવી રીતે નોકરી કરી રહ્યા કર્મચારીઓ સામે કડક પગલાં લેવાય તેવી માંગ છે.

પાના ૧ ઉપરનું ચાલું **અમરેલીના લાપાળીયામાં**


અહીં લોકોની સુવિધા માટે મોબાઈલ ટાવર ઊભો કરવામાં આવેલો છે જેના કારણે ગામના મોટા ભાગના લોકો દ્વારા તેના સીમકાર્ડનો ઉપયોગ કરવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ ટાવર છાશવારે બંધ થઈ જાય છે અને પછી ઘણા દિવસો સુધી બંધ રહે છે અને ચાલુ થયકાના એક બે દિવસમાં જ ફરીથી બંધ થઈ જાય છે. જેના કારણે લોકો પોતાના ઘરમાં કે શેરીમાં મોબાઈલ ફોન દ્વારા યોગ્ય રીતે વાત પણ કરી શકતા નથી અને દૈનિક જીવન રૂધાઈ જવાના કારણે અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. ગામની બહાર અમરેલી સાવરકુંડલા નેશનલ હાઈવે પસાર થાય છે ત્યાં મોબાઈલનું નેટવર્ક આવે છે. છેક ત્યાં સુધી લોકોને વાત કરવા માટે જવું પડે છે. આ ઉપરંત ઈન્ટરનેટનો પણ યોગ્ય રીતે ઉપયોગ થઈ શકતો ન હોવાના અનેક પ્રકારના દૈનિક કાર્યો રૂધાઈ ગયા છે. જો તાત્કાલીક સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો સામૂહિક રીતે સીમ કાર્ડ પોર્ટ કરવાની પણ ચિમકી આપવામાં આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું **રાજુલા ખાતે ૩૧ જેટલા ગુન્હાનાં આરોપીનુ**

અસામજીક તત્વોની યાદીમાં સામેલ કરી રાજુલા પોલીસ સ્ટેશન તથા અન્ય પોલીસ સ્ટેશનના ૩૧ જેટલાં ગુન્હા આચરનાર રાજુલા તાલુકાના વડ ગામના વતની અને હાલ રાજુલાના છતડીયા રોડ રહેતા આરોપી શીવરાજ વાલાભાઈ ધાખડાને ભાવનગરના દાઠા પોલીસ સ્ટેશન દ્વારા ભારતીય ન્યાય સંહીતા કલમ ૨૮૧ મુજબના કામે પકડેલ હોય તેમને રાજુલા પોલીસે ભારતીય ન્યાય સંહીતા ૩૦૯(૪) મુજબના ગુન્હામાં દાઠા પોલીસ પાસેથી કબ્જો મેળવેલ હતો.

રાજુલા પોલીસે અટક કરેલ આરોપીને આજે અમરેલી એલ.સી.બી. પો. ઈન્સ. વી. એમ.કોલાદરા તથા રાજુલા પોલીસ સ્ટે.ના પો.ઈન્સ એ.ડી. ચાવડા દ્વારા પોલીસ સ્ટાફ સાથે રાજુલા શહેરમા આવેલ કોહીનુર હોટેલની સામે રાજમંદિર હોટેલની બાજુમાં ગત તા.૧૧/૧૧/૨૪ના રોજ લુંટ તથા ભારતીય ન્યાય સહીતાની અલગ અલગ કલમ મુજબનો ગુન્હો કરેલ હોય અને જેની ઘટનાનુ રીકન્સ્ટ્રકશન પંચનામુ કરેલ હતું. અને આરોપી શિવરાજ વાલાભાઈ ધાખડાને કાયદાનું ભાન કરાવેલ અને કાયદો વ્યવસ્થા જળવાઈ તે હેતુ તથા સામાન્ય નાગરીકમાંથી આરોપીનો ભય દુર થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ તે હેતુ થી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી.

## ધારાસભ્ય મહેશ કસવાલાની જહેમત રંગ લાવી
# અરે વાહ : સાવરકુંડલા–લીલીયા વિસ્તારમાં ૭૨.૫૬ લાખનાં ખર્ચે નવા આરોગ્ય સબ સેન્ટર બનશે
### મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીનો ધારાસભ્યએ આભાર માન્યો







સાવરકુંડલા, તા. ૧૯

સાવરકુંડલા–લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રયત્નોથી સાવરકુંડલા અને લીલીયા તાલુકામાં બે નવા આરોગ્ય સબ સેન્ટર બનાવવાની મંજૂરી મળી છે. આ બંને સબ સેન્ટરના નિર્માણ માટે કુલ રૂ. ૭૨.૫૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું કે, સાવરકુંડલા તાલુકાના વંડા ગામ અને લીલીયા તાલુકાના સનાળિયા ગામમાં આ નવા સબ સેન્ટર બનવાથી ગ્રામીણ લોકોને તેમના ગામમાં જ આધુનિક આરોગ્ય સેવાઓનો લાભ મળશે. આ સબ સેન્ટરોમાં સગર્ભા માતાઓ, બાળકો અને વૃદ્ધો માટે રસીકરણ, જરૂરી દવાઓ, ડાયાબિટીસ અને બ્લડ પ્રેશર જેવી નિયમિત તપાસ સહિતની અનેક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થશે. આ નિર્ણયથી ગ્રામજનોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ સબ સેન્ટરોથી લોકોને નાના–મોટા રોગોની સારવાર માટે દૂરના શહેરોમાં જવાની જરૂરિયાત રહેશે નહીં. આરોગ્ય સુવિધાઓના વિસ્તરણ માટે સતત રજૂઆતો કરનાર કસવાલાએ જણાવ્યું કે, સરકારની આ સંવેદનશીલતાથી ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યની સ્થિતિ સુધારવામાં મોટી મદદ મળશે. આ નવા સબ સેન્ટરોનું કામ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ નવા સેન્ટર મજુર કરવા બદલ રાજયના સંવેદનશીલ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલનો આભાર ધારાસભ્ય મહેસભાઈ કસવાલાએ માન્યો હતો.


''અમરેલી એક્સપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૮૭


પાના ૮ ઉપરનું ચાલું **બગસરામાં એસ.ટી. તંત્ર દ્વારા**

હતો અને લોકોને હેરાન ગતિનો સામનો કરવો પડ્યો હતો. જયારે એસટી નિગમને કમાવાની તક આવતાની સાથે આર્થિક નુકસાની કરાવી રહેલ બગસરાના સતાધિશો આ ડેપોમાંથી રોજના ૬૦ જેટલાં રૂટો ઉપડે છે એવામાં આટલા મોટા પ્રમાણમાં રૂટો બંધ કરતા ઉપરી અધિકારીઓ તાપસ કરી આવા અધિકારી વિરૂધ્ધ કાર્યવાહી કરે તેવી લોકોમાં માંગ પણ ઉઠવા પામી હતી.

જયારે આવી રીતે બેફામ અનેક બસો બંધ કરી દેવામાં આવતા અધિકારી એસ.ટી તંત્રને આર્થિક ફટકો આપી રહ્યા હોઈ તેમ લાગી રહયું છે. જયારે આ ડેપોમાં કુલ ૬૦ રૂટ છે તેને સંચાલન કરવા માટે ૧૦૮ ડ્રાઈવરો અને ૧૦૮ કંડકટરો છે જયારે આ ડેપોમાં ઘણા સમયથી ઘટ હતી તે પણ સરકાર દ્વારા પુરી કરવામાં આવી છે તેમ છતાં તહેવારો સમયે જ આડેધડ રૂટો બંધ કરવામાં આવતા અધિકરીને આ બાબતે પૂછતાં તેમણે જણાવ્યું કે સ્ટાફ રજા ઉપર છે તો અમારે શું કરવું પરંતુ આવી રીતે બેફામ રજા આપી આ ડેપોને આર્થિક નુકસાની કરાવતા અધિકારીઓ ઉપર કાર્યવાહી કરવામાં આવે અને તમામ રૂટો રાબેતા મુજબ ચાલુ કરવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલીનાં જાહેર માર્ગો ઉપર**

લોકો સ્વૈચ્છિક રીતે દબાણ નહીં હટાવે તો ફરીથી દબાણ હટાવ કરવામાં આવશે.

અમરેલીમાં અગાઉ રાજય સરકારમાંથી આવેલી કડક સુચનાના કારણે નગરપાલિકા દ્વારા માત્ર કાગળ ઉપર દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી અને એક બે ઓટલા તોડીને દબાણ હટાવ ઝુંબેશ આટોપી લેવામાં આવી હતી.

બીજી તરફ શહેરમાં મુખ્ય માર્ગો ઉપર બેફામ રીતે ખડકાયેલા દબાણના કારણે ટ્રાફિકની સમસ્યા માથું ઉચકી રહી છે. જે મુદ્દે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. અંતે માર્ગ અને મકાન વિભાગ હસ્તકના રોડ ઉપર આવતા તમામ પ્રકારના દબાણ અને હટાવવા માટે સ્થાનિક મામલતદાર, નગરપાલિકા, પોલીસ, સીટી સર્વે સહિતની ટીમ અને સાથે રાખીને ૧૪મી થી ૨૧મી સુધી દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરવામાં આવેલી છે. જન્માષ્ટમી પહેલા શહેરના મુખ્ય વિસ્તારોમાં દબાણ હટાવવામાં આવેલ હતા.

આ તમામ વિભાગના અધિકારીઓની ટીમ અમરેલી શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી હતી. શહેરમાં ખડકી દેવામાં આવેલા તમામ દબાણ અને તાત્કાલિક હટાવી લેવા માટે સૂચના આપવામાં આવી છે. અને દબાણ હટાવવા માટે માત્ર ૨૪ કલાકની મેહતલ આપવામાં આવી છે.

જો આ ૨૪ કલાક દરમિયાન દબાણ કરનારા લોકો જાતે જ પોતાના દબાણ નહીં હટાવી લે તો તંત્ર દ્વારા બુલડોઝર ફેરવી દેવામાં આવશે. અને ઉપરથી આ માટેનો ચાર્જ પણ દબાણ કરનાર વ્યકિત પાસેથી વસૂલ કરવામાં આવશે. દબાણ હટાવવાના કારણે જે નુકસાની થશે તે પણ દબાણ કરનાર વ્યકિતએ જાતે ભોગવી પડશે.


**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા કોર્ટમાં, લીલીયા મોટા**

જન્મ રજી નં. ૭૨/૨૦૨૫

**અરજદાર :** શ્રી જયશ્રીબેન ભુપતરાય લાખાણી વા/ઓ મહેશભાઈ દોશી રે. મુંબઈ, સી–૯, રમેશ એપાર્ટમેન્ટ, શીમ્પોલી રોડ, કસ્તુર પાર્ક, સુવર્ણ હોસ્પિટલ પાસે, બોરીવલી વેસ્ટ, મહારાષ્ટ્ર

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ રજીસ્ટ્રારશ્રી ગ્રામ પંચાયત – વ –ત.ક.મ.શ્રી, લીલીયા મોટા,

–: જાહેર નોટીસ :–

બાબત:– જન્મ–મરણ અધિનિયમ કલમ–૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી **જયશ્રીબેન ભુપતરાય લાખાણીનો** પોતાનો **જન્મ તા.૨૪/૦૭/૧૯૫૨**ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમોને વાંધા કે તકરાર હોય તો અત્રેની કોર્ટમા નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ. ૦૪–૦૮–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

સિક્કો

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા કોર્ટમાં, લીલીયા મોટા**

જન્મ રજી નં. ૭૩/૨૦૨૫

**અરજદાર :** શ્રી કનુભાઈ રાઘવભાઈ સાવલીયા રે. સનાળીયા, તા. લીલીયા, જિ. અમરેલી

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ રજીસ્ટ્રારશ્રી ગ્રામ પંચાયત – વ –ત.ક.મ.શ્રી, સનાળીયા,

–: જાહેર નોટીસ :–

બાબત:– જન્મ–મરણ અધિનિયમ કલમ–૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી **કનુભાઈ રાઘવભાઈ સાવલીયાના પુત્રી મનિષાબેન કનુભાઈ સાવલીયાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪**ના રોજ સનાળીયા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમોને વાંધા કે તકરાર હોય તો અત્રેની કોર્ટમા નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ. ૦૪–૦૮–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

સિક્કો

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા કોર્ટમાં, લીલીયા મોટા**

જન્મ રજી નં. ૭૧/૨૦૨૫

**અરજદાર :** શ્રી હર્ષદભાઈ માણેકલાલ ધંધુકીયા રે. લીલીયા મોટા, તા. લીલીયા, જિ. અમરેલી

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** જન્મ – મરણ રજીસ્ટ્રારશ્રી ગ્રામ પંચાયત – વ –ત.ક.મ.શ્રી, લીલીયા મોટા,

–: જાહેર નોટીસ :–

બાબત:– જન્મ–મરણ અધિનિયમ કલમ–૧૩(૩) મુજબ નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી **હર્ષદભાઈ માણેકલાલ ધંધુકીયાના પુત્ર માનવ હર્ષદભાઈ ધંધુકીયાનો જન્મ તા.૦૨/૧૦/૧૯૯૫**ના રોજ લીલીયા મોટા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરત ચુકથી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમોને વાંધા કે તકરાર હોય તો અત્રેની કોર્ટમા નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦માં લેખીત વાંધો રજુ કરવો. લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તારીખ. ૦૪–૦૮–૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સિક્કો કરીને આપ્યો.

સિક્કો

તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

**જાહેર નોટિસ**

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //**

નં.જન્મ/મરણ નોંધણી/અરજી નં.૧૬૮/૨૦૨૫
તા.૩૦/૦૭/૨૦૨૫

**અરજદારશ્રી :** ૧) રાદડીયા રવજીભાઈ હરજીભાઈ, રહે.૨૯૫, મારૂતીનંદન રેસીડેન્સી, નનસાડગામ, કામરેજ, સુરત–૩૯૪૧૮૦

**એડવોકેટ : ભગીરથભાઈ એ, બસીયા રહે. સાવરકુંડલા મો. ૮૩૨૦૩ ૮૨૫૧૨**

// વિરૂધ્ધ //

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી મોટાઝીંઝુડા, તા. સાવરકુંડલા જિ. અમરેલી

**જન્મ–મરણ નોંધણી અધિનીયમ–૧૯૬૯ની કલમ–૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી રાદડીયા રવજીભાઈ હરજીભાઈના બહેન **રાદડીયા જયાબેન હરજીભાઈનો જન્મ તા. ૧૪/૦૩/૧૯૭૫ના રોજ મુ. મોટાઝીંઝુડા, તા. સાવરકુંડલા, જિ.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમા અરજી કરેલ છે. સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન–૩૦માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર–પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહીં આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી. આજ તા. ૩૦/૦૭/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

સિક્કો

મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ
સાવરકુંડલા

# અમરેલી : ડો. તોગડીયાનું યુવાનોની સામર્થ્ય શક્તિને આહ્વાન : ગામડે ગામડે ઉત્સાહભેર પરિષદમાં જોડાતા યુવાનો



લાઠી શહેર માં આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ ડો પ્રવીણભાઈ તોગડીયા ની અધ્યક્ષતામાં આંતર રાષ્ટ્રીય હિન્દુ પરિષદની મોનર્ક પરિસર માં બેઠક યોજાઈ આ બેઠકમાં સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ ડો. જી. જે. ગજેરા ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી નિર્મળભાઈ ખુમાણ સહિત ના અગ્રણી ઓની ઉપસ્થિતિ વચ્ચે નવ નિયુક્ત યુવાનો નિમણૂક કરાયા ખૂબ મોટી સંખ્યા માં યુવાનો ની વિવિધ સંગઠનના પદા અધિકારી પદે પદ ઉન્નતિ કરાય હતી જેમાં લાઠી શહેર માં પ્રમુખ લખમણભાઈ વસાવડા બજરંગ દળ મગનભાઈ સરખેદીયા છાત્ર પરિષદ કમલેશભાઈ લીંબાણી મજૂર પરિષદ નિરૂભાઈ ડેર કિસાન પરિષદ મુકેશભાઈ મેતલીયા આજસ્વીની ગીતાબેન વસાવડા હંસાબેન સરખેદી ભુરખિયા ત્રિકમભાઈ પરવાડિયા રામપર હિતેશભાઈ અકાળા મુકેશભાઈ નાકરાણી ચાવડ ઘનશ્યામભાઈ દેવળીયા વિપુલભાઈ પડસાળા મોનર્ક સ્કૂલના મનહરસિંહજી ગોહિલ વિનુભાઈ મકવાણા સહિતની ઉપસ્થિતિમાં પદ ઉન્નતિ પામેલ યુવાનો ને ડો. પ્રવીણભાઈ તોગડીયા દ્વારા યુવાનો ને ગામડે ગામડે હનુમાનજી ચાલીસા કેન્દ્ર ખોલવા આહવાનકરાયું પરિષદની તમામ આયામો દ્વારા આરોગ્ય શિક્ષણ સ્વાસ્થ્ય લક્ષી પ્રવૃત્તિઓથી અવગત કરાયા હતા ડો. પ્રવીણભાઈ તોગડિયાની સૌરાષ્ટ્ર મુલાકાત થી યુવાનો માં અદમ્ય ઉત્સાહ પ્રગટી ગયો હતો ઠેર ઠેર યુવાનો આંતર રાષ્ટ્રીય પરિષદમાં જોડાયા હતા કિસાન પરિષદ છાત્ર પરિષદ મજૂર પરિષદ બજરંગ દળ મહિલા ઓજસ્વની પરિષદ જેવા અનેક આયામો દ્વારા થતી અનેક વિધ સેવા પ્રવૃત્તિઓથી ડો. તોગડીયા દ્વારા અવગત કરાયા હતા સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રવાસ બાદ ગ્રામ્ય થી લઈ મહાનગરો સુધી સંગઠનો માં પ્રાણ પૂરતા ડો તોગડીયા યુવાનો માં યુથ આઈકોન બની રહ્યા છે હિન્દુ સમાજ જાગૃતિ માટે એજ જોમજુસ્સા સાથે લાઠી દામનગર અમરેલી સાવરકુંડલા શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માં પ્રવાસ દરમ્યાન અનેક જગ્યા એ બેઠકોનો ધમધમાટ જોવા મળી રહ્યો છે.


### સેવા સેતુ કલચરલ ગ્રુપ-અમદાવાદ દ્વારા

## સંત નિર્દોષાનંદજી હોસ્પિટલને ૧૫૦ મણ ઘંઉ અર્પણ કરાયા

### આગામી દિવસોમાં ૨૫૦ મણ ચોખા અપાશે

અમરેલી, તા. ૧૯

સેવાસેતુ કલચરલ ગ્રુપ-અમદાવાદ (સેવાકિય સંસ્થા) ધ્વારા પાર્શ્વગાયકસ્વ. મહમ્મદ રફીની પુણ્યતિથી નિમિતે કાર્યક્રમો યોજી એકત્રિત થયેલ રકમ સેવાભાવી સંસ્થાઓને અર્પણ કરીને મદદરૂપ થવાનું પ્રેરણાદાયક કાર્ય કરી રહયા છે. સંસ્થાના સ્થાપક કિશોરભાઈ ઠકકર તથા કમીટી સભ્યઓએ સંકલ્પ કર્યા મુજબ હોસ્પિટલ સંચાલિત ગુરૂકૃપા અન્નક્ષેત્રમાં ૩૦૦૦ કિલો (૧૫૦ મણ)



ઘઉ કે જેમની કિંમત રૂા.૯૦,૦૦૦/- અંકે રૂપિયા નેવુ હજાર પુરા થાય છે. તેઓએ અર્પણ કરીને તેમનો સંકલ્પ પૂર્ણ કરેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તેઓએ હવે પછી ૫૦૦૦ કિલો (૨૫૦ મણ) ચોખા આપવાનો સંકલ્પ કરેલ છે. ટ્રસ્ટી બી.એલ. રાજપરા તથા પરેશભાઈ ડોડીયા એ સમગ્ર ટ્રસ્ટીમંડળ વતિ આ સંસ્થાનો આભાર માનેલ છે.

## રાજુલા : યાદવ ગ્રુપ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

રાજુલા, તા. ૧૯

રાજુલા ખાતે યાદવ યુવા ગ્રુપ દ્વારા સમાજને શૈક્ષણિક દ્રષ્ટિએ સમૃદ્ધ કરવા દર વર્ષે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી તેમની પ્રતિભાને બહાર લાવવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે. જે હેતુથી આ વર્ષે સાતમના દિવસે વિદ્યાર્થીઓના સન્માન સમારોહનું સુંદર આયોજન રાધે ક્રિષ્ના કોટન, ડુંગર રોડ, રાજુલા ખાતે કરવામા આવ્યુંહતું. જેમા ઈનામ વિતરણ, દાતાઓનું સન્માન, મટકીફોડ અને સુરીલી સાંજનુ સુંદર આયોજન કરતા ૪૩૦૦ ઉપરાંત આહિર સમાજના લોકો ઉમટી પડેલ.

યાદવ યુવા ગ્રુપ દ્વારા આયોજીત અગીયારમા વિદ્યાર્થી સન્માન સમારોહમાં સખત મહેનત કરી સારા માર્કસ મેળવનાર ૪૦૦ ઉપરાંત સમાજના વિદ્યાર્થીઓને કાર્યક્રમના અધ્યક્ષ ડો.નિલેશભાઈ કલસરીયા, યાદવ યુવા ગ્રુપના સભ્યો, જ્ઞાતિના આગેવાનો અને સંતો દ્વારા ઈનામ રૂપી પ્રોત્સાહન અને માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતું. જયારે હાજર રહેલ સંતો અને દાતાઓનુ સન્માન કરવામા આવ્યા બાદ મટકી ફોડ કાર્યક્રમની ઉજવણી કરી સાંજના સમયે સૂરીલી સંધ્યામા કલાકારઓ દ્વારા રમઝટ મચાવતા અનેરો આનંદ સવાયો હતો. પ્રખર વકતા મથુરભાઈ બલદાણીયા, આહિર સમાજ પ્રમુખ દિલીપભાઈ જીંજાળા અને કાર્યક્રમના અધ્યક્ષ ડો.નિલેશભાઈ કલસરીયાએ પોતાની આગવી શૈલીમા સમાજને ટકોરરૂપ ભાષણ આપી સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યાદવ યુવા ગ્રુપ રાજુલાના પ્રમુખ પ્રવિણભાઈ જીંજાળા, ઉપપ્રમુખ જયંતિભાઈ વાણીયા, મંત્રી અરવિંદભાઈ વાણીયા તેમજ યાદવ યુવા ગૃપના તમામ સભ્યઓ તેમજ કાર્યક્રમના સ્ટેજ એન્કર તરીકે મૌલિકભાઈ વાણીયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમમા સંત ઉર્જામૈયા, વાલદાસબાપુ, હરનામપુરીબાપુ,



ગણપતભાઈ મકવાણા, પીઠાભાઈ નકુમ, છગનભાઈ કલસરીયા, ભાવેશભાઈ કલસરીયા, શિક્ષક અને પોલીસ પરિવાર, દાતાઓ, આહિર સમાજ આગેવાનઓ, રાજુલાના તમામ ડોકટરઓ અને સરપંચઓ સહિતના બહોળી સંખ્યામા આહીર સમાજના લોકો હાજર રહેતા. ડો.નિલેશભાઈ કલસરીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમ સુંદર રીતે સંપન કરવામાં આવેલ જે યાદીમા જણાવેલ છે.

## અમરેલી : ગાયત્રી શકિતપીઠ ખાતે હાટ પ્રદર્શન અને વેચાણ મેળો શરૂ

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના સૂત્ર લોકલ ફોર વોકલને સાર્થક કરતા અમરેલીના ગાયત્રી મંદિર ખાતે તારીખ. ૨૦/૮/૨૦૨૫થી તારીખ. ૨૩/૮/૨૦૨૫ ચાર દિવસીય ADCU હાટ પ્રદર્શનની અને વેચાણ મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં અમરેલી જિલ્લાની સહકારી મંડળીઓ, સખી મંડળો અને ઘર બેઠા કામ કરતી મહિલાઓ દ્વારા અવનવી વસ્તુઓ જેમાં જેવી કે તોરણ, હોમ ડેકોરેશન, નવરાત્રી ને લગતી વસ્તુઓ, કોસ્મેટીક, લેડીઝ વેરાયટી, વગેરેનું વેચાણ અને પ્રદર્શન કરવામાં આવશે .જેના માધ્યમથી ઘર બેઠા અને નાના કામ કરનાર ને એ પ્લેટફોર્મ પૂરૂ પડશે. તેમજ અમરેલીની જનતાને સસ્તુ અને ગુણવત્તા યુક્ત વસ્તુઓ ઉપલબ્ધ થશે. ત્યારે અમરેલી શહેર અને જિલ્લાની જનતાને ADCU પ્રદર્શનની અને વેચાણ મેળાની મુલાકાત લેવા અને ખરીદી કરવા પધારવા માટે આહવાન કરવામાં આવે છે. તો ચાલો સાથે મળીને આપણા જિલ્લાના બહેનો પાસેથી ખરીદી કરી તેઓને પ્રોત્સાહિત કરીએ.

## અમરેલી ખાતે મોઢ વણિક કોમ્યુનિટી દ્વારા નેત્રયજ્ઞ યોજાયો





અમરેલી, તા. ૧૯

અમરેલી મોઢ વણિક જ્ઞાતિ ખાતે મોઢ વણિક કોમ્યુનિટી પ્રોપર્ટી તથા પારેખ રણછોડદાસ દેવચંદ વિદ્યાર્થીગૃહ દ્વારા વિનામુલ્યે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો આ કેમ્પના ઉદ્‌ઘાટક નાયબ મુખ્ય દંડક ગુજરાત રાજય કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ સંસ્થાના આ કાર્યને બિરદાવેલ આ કેમ્પ જ્ઞાતી પ્રમુખ દિલીપભાઈ પરિખના માર્ગદર્શન નીચે યોજાયેલ, જ્ઞાતી દ્વારા આ ૧૨મો કેમ્પ હતો, આ કેમ્પમાં ૫૨ દર્દીઓએ લાભ લીધેલ તેમાં મોતિયાના ૨૫, વેલના ૧ તમજ ચશ્માના અન્ય લોકોએ લાભ લીધેલ. મોતિયાના ઓપરેશન વિનામુલ્યે આ કેમ્પ દ્વારા થશે આ કેમ્પમાં અતિથિ વિશેષ વિશાલભાઈ કાલેણા, સંદિપ માંગરોળીયા, કુમાર કાકા, ભગિરથીબેન સોલંકી, રઘુભાઈ ભટ્ટ, રાજેશભાઈ મહેતા રહ્યા હતા. કેમ્પનું સૌજન્ય દિલીપભાઈ શુકલ (કુમાર કાકા) હતા. તેમજ આ કેમ્પમાં શૈલેષભાઈ પરિખ, રાજુભાઈ પરિખ, અશ્વીનભાઈ પરીખ, હીરેનભાઈ પરીખ, સંજયભાઈ પી. પરીખ, દીપકભાઈ ગાંગડીયા, ભાવેશભાઈ મહેતા, ડો. રવિભાઈ પરમાર હાજર રહ્યા હતા. આવા કેમ્પો ભવિષ્યમાં થાય તેવું સમાજની માંગ છે તેમ સંસ્થાની યાદીમાં જણાવેલ છે.

## અમરેલી ખાતે નિવૃત પોલીસ અધિકારીઓની બેઠક યોજાઈ



વિજપડી, તા. ૧૯

અમરેલી ખાત નિવૃત પોલીસ અધિકારી એલ.ડી.વાઘેલા અમદાવાદનાં અધ્યક્ષ સ્થાને. જિલ્લાનાં નિવૃત્ત અધિકારીઓ, કર્મચારીઓનું સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવેલ હતું.આ પ્રસંગે જિલ્લાનાં ૫૦ જેટલા નિવૃત્ત પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા.નિવૃત અધિકારીએ પોતાના વકતવ્યમાં જણાવેલ હતું કે આપણે હવે નિવૃત્તિમાં પ્રવૃત રહીને આપણી તંદુરસ્તીની કાળજી લેવાની છે.જે આપણે આવા સ્નેહ મિલનનાં માધ્યમથી અવનવી પ્રવૃતિ કરીને જ લઈ શકીશું.આપણને પોલીસ વિભાગની નોકરીમાં થયેલ અન્યાય સામે એકજુત થઈ નેં લડીશું તો ચોક્કસ પરિણામ લાવી શકીશું. સાથે જિલ્લાનાં નિવૃત્ત પોલીસ અધિકારીઓ કર્મચારીઓ નેં નિસ્વાર્થ માર્ગદર્શન આપી અહિંની એક કમિટી નું પણ આયોજન કરી એક સંકલન કમેટીની રચના કરવામાં આવી હતી.

આજના આ સફળ સંપૂર્ણ પ્રોગ્રામનાં આયોજકો મહેબુબભાઈ કુરેશી, મુકેશભાઈ ભટ્ટ, વાડિયાભાઈ ખુમાણ, સોમાભાઈ મકવાણા, જે.પી. કોચરા વગેરે નિવૃત પોલીસ અધિકારીઓ કર્મચારીઓના સહકારથી પ્રોગ્રામ ને સફળ બનાવવામાં આવેલ.


## અમરેલી નાગરિક સહકારી બેંક લી.

કેરીયા રોડ, ''નાગરિક ભવન'' અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૨૦૦૦

### -: જંગમ / સ્થાવર મિલ્કત વેચાણ અંગે ઓફર :-

અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી દ્વારા ધી સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ અન્વયે મળેલ અધિકારોની રૂએ બેંકે પોતાનું લેણું વસુલ કરવા માટે બાકીદારો તથા જામીનોએ પોતાનાં લોન ખાતામાં સિકયુરીટી તરીકે આપેલ નીચે દર્શાવેલ વર્ણનવાળી મિલ્કતનો બેંક તા.૧૯/૦૭/૨૦૨૫ ના રોજ કબજો લીધેલ છે. સદરહું મિલ્કતના જાહેર વેચાણ અંગે સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે. જે દિવસ-૧૫ માં નીચે સહી કરનાર અધિકૃત અધિકારીને મોકલવાનું રહેશે. મિલ્કત નિરીક્ષણ માટે તેમજ નિયત ટેન્ડર ફોર્મ મેળવવા માટે ઓફિસ સમય દરમ્યાન અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલી, નાગરિક ભવન, કેરીયા રોડ, અમરેલીનો સંપર્ક કરવો.

★ **ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.૦૩/૦૯/૨૦૨૫ (બપોર ૦૪:૦૦ કલાક સુધીમાં)**

★ **ટેન્ડર ખોલવાની તારીખ, સમય અને સ્થળ : તા.૦૯/૦૯/૨૦૨૫, બપોર ૦૪:૦૦ વાગ્યે, સ્થળ નાગરિક ભવન, કેરીયા રોડ, અમરેલી.**

| ક્રમ | ખાતેદારનું નામ તથા શાખા | સ્થાવર / જંગમ મિલ્કતનું વર્ણન | કુલ બાકી રકમ તા.૩૧/૦૭/૨૦૨૫ | રીઝર્વ કિંમત ડિપોઝીટની રકમ |
|---|---|---|---|---|
| ૧ | ભાવેશભાઈ હર્ષદભાઈ અધ્યારૂ અને મિતલબેન ભાવેશભાઈ અધ્યારૂ અમરેલી શાખા | **(૧) સ્થાવર મિલ્કત :** ગુજરાત રાજયનાં રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમરેલી, સબ-ડીસ્ટ્રીકટ અમરેલીનાં શહેર અમરેલી ગામે સુધરાઈ હદમાં હનુમાનપરા રોડ, રસ્તે આવેલ રે.સ.નં.૨૭૬ પૈકીની જમીનમાં આવેલ જડેશ્વરનગરનાં પ્લોટ નં.૭૩ પૈકીનું ક્ષેત્રફળ ૪૦.૦૦ ચો.મી. તથા પ્લોટ નં.૭૪ પૈકીનું ક્ષેત્રફળ ૪૦.૦૦ ચો.મી.છે. જે બીન અવેજી ફારગતી દસ્તાવેજ નં.૧૯૨૭, તારીખ : ૧૨-૦૫-૨૦૨૧ ના રોજ ભાવેશભાઈ હર્ષદભાઈ અધ્યારૂના નામે છે. તે મિલ્કત **(૨) જંગમ મિલ્કત :** (૧) ગાદલા -૬ (૨) દિવાલ ઘડીયાલ-૧ (૩) છુટક ભંગારની કોથળી-૩ (૪) ડોલ-૩ (૫) સાબુ બોકસ-૧ (૬) પાણીનો ગોળો - ૧ (૭) પાણીનો ટાંકો (૫૦૦ લી.)-૧ (ક્રમ નં.૧ અને ૨ ની રીઝર્વ કિંમત સાથે) | રૂા.૨૨,૧૭,૧૦૧/- + તા.૦૧/૦૮/૨૦૨૫ થી બાકી વ્યાજ + લીગલ ખર્ચ + બીજા ચાર્જીસ - રીકવરી | ૨૩,૦૦,૦૦૦/- ૨,૩૦,૦૦૦/- |

**વેચાણની શરતો :** **(૧)** સ્થાવર મિલ્કતો ''જેમ છે તેમ અને જયાં છે ત્યા'' ના ધોરણે વેચાણ કરવામાં આવશે. **(૨)** સદરહું મિલ્કતો ઉપરનાં સમગ્ર બાકી વેરા, સરકારી તથા અર્ધસરકારી લેણા તથા વિજનિગમની બાકી રકમ ભરપાઈ કરવાની જવાબદારી તથા ટાઈટલની ફાઈલમાં કોઈ દસ્તાવેજ ૩૨(ક) માં પડેલ હોય કે કોઈ કાગળો ખુટતા હોય તો તે મેળવવાની સમગ્ર જવાબદારી ખરીદનારના શીરે રહેશે. **(૩)** સદરહું મિલ્કતો સંબંધમાં કોઈ કોર્ટ કેસ ચાલતા હોય તો તે કોર્ટ કેસોમાં કોર્ટ જે હુકમ કરે તે મિલ્કત ખરીદનારને બંધનકર્તા રહેશે. **(૪)** માંગણીદાર કોઈપણ કિંમતે માંગણી કરી શકશે. પરંતુ રીઝર્વ કિંમતના ૧૦% ની રકમ (ડીપોઝીટ રકમ) નો ડીમાંડ ડ્રાફટ અમરેલી નાગરિક સહકારી બેંક લી. અમરેલીની ફેવરનો ટેન્ડર સાથે સામેલ રાખવાનો રહેશે. (૫) ટેન્ડરના ફોર્મ અધિકૃત અધિકારીશ્રી, હેડ ઓફીસમાંથી મળી શકશે. **(૬)** કોઈપણ ટેન્ડર સ્વીકારવા અગર ન સ્વીકારવાનો બેંકનો અધિકાર અબાધિત રહેશે. મિલ્કતો રીઝર્વ કિંમતથી નીચેની રકમમાં વહેંચવામાં આવશે નહી. **(૭ )** જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમ દીન-૩૦(ત્રીસ) માં ભરવાની રહેશે. ટેન્ડર સાથે રજુ કરેલ રિઝર્વ કિંમતનાં ૧૦% ને તેમાં ગણતરીમાં લેવામાં આવશે. **(૮)** જેનું ટેન્ડર સ્વીકારાશે તેણે ટેન્ડરની રકમ બેંક દ્વારા જણાવેલ નિશ્ચિત મુદતમાં પુરેપુરી ભરપાઈ કરવાની રહેશે. આમ કરવામાં તે નિષ્ફળ જશે તો તેણે ભરેલી ડીપોઝીટની રકમ બેંક દ્વારા જપ્ત કરવામાં આવશે. **(૯)** જેનું ટેન્ડર અસ્વીકાર્ય થશે તેને તેણે રજુ કરેલી ડીપોઝીટની રકમ કોઈપણ જાતના વ્યાજ વગર પરત કરવામાં આવશે. **(૧૦)** અપસેટ પ્રાઈઝ રૂા. ૨૩,૦૦,૦૦૦/- હોય જેનો ઉપર ટેન્ડર ભરવાનું રહેશે જેનું ટેન્ડર સૌથી ઉચુ હશે તે મંજુર કરવામાં આવશે. **(૧૧)** અધિકૃત અધિકારીની જાણ મુજબ હાલ આ મિલ્કતમાં સરકારી / અર્ધસરકારી / ટેક્ષ વિગેરે બાકી લેણા બાબતે માહીતી નથી. ખરીદનારે આ મિલ્કતમાં જે સરકારી / અર્ધસરકારી / ટેક્ષ વિગેરે બાકી લેણા હશે તે બાબતની તેઓએ તપાસ કરવાની રહેશે અને તે રકમ તેઓએ ભરવાની રહેશે. જેની સંપૂર્ણ જવાબદારી ખરીદનારના શીરે રહેશે. **(૧૨)** બિડર તમામ બાબતોમાં સંપૂર્ણ યોગ્ય ખંતનો ઉપયોગ કરવા માટે બંધાયેલા છે. જેમાં નિર્ધારિત તારીખ અને સમયે ઉપરોકત ઉલ્લેખીત મિલ્કતની દરેક વિગતોનું નિરીક્ષણ કરવું સામેલ છે. બીડ સબમિટ કરતા પહેલા મિલ્કત અને સ્પષ્ટીકરણ વિશે તપાસ કરવાની અને સંતુષ્ટ કરવાની બીડરની જવાબદારી રહેશે. બિડરને પુરી પાડવામાં આવેલ વિગતો મુજબ ડીલીંગ અધિકારી સાથે પરામર્શ કરીને મિલ્કતનું નિરીક્ષણ કરી શકે છે. **(૧૩)** બિડર્સને જાણ કરવામાં આવે છે. તેમના પોતાનાં હીતમાં કે તેઓ બિડ સબમિટ કરતા પહેલા ઉપરોકત સ્થાવર મિલ્કતને લગતા શીર્ષકની પોતાને સંતુષ્ઠ કરે. વધુમાં, હરરાજીની વેચાણ સુચના, નિયમો અને શરતોને યોગ્ય રીતે વાંચવાની અને તેનું કડક પણે પાલન કરવાની જવાબદારી ઈચ્છુક બિડરોની છે. અને બિડર બીડ/ઓકશનમાં ભાગ લેવા પર અને પછી પ્રોપર્ટીના ટાઈટલ સંબંધીત કોઈપણ વિવાદ કે પ્રશ્ન લેવા બાબતે હકકદાર રહેશે નહી.

★ **બાકીદાર, જામીનો તેમજ મોર્ગેજરને સરફેસી એકટ મુજબ વેચાણ નોટીસ આપવામાં આવે છે.**

★ **ખરીદનાર વેચાણ જાહેરાત** WWW.AMRELIBANK.COM **કે જે બેંકની વેબસાઈટ છે તેના પર જોઈ શકશે.**

**તારીખ : ૨૦/૦૮/૨૦૨૫**
**અમરેલી**

સિક્કો

**અધિકૃત અધિકારી,**
**અમરેલી નાગરિક સહકારી બેંક લી.,**
**હેડ ઓફિસ, અમરેલી**


## બાબરા : સોનપરી મહાદેવને મહાકાલનો અનુપમ શણગાર

બાબરા, તા. ૧૯

બાબરામાં રામપરી ડેમ સામે સ્વંયમભૂ બિરાજતા સોનપરી મહાદેવના મંદિરે પવિત્ર શ્રાવણ માસમાં ભાવિકોની ભારે ભીડ જામે છે અહીં ભાવિકો શિવજીને અલગ અલગ દ્રવ્યોથી અભિષેક કરી રિઝવે છે. અહીં અમરેલી સ્થિત



વેલસીભાઈ શેલાણી પરિવાર દ્વારા પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે મહાકાલ દાદાનો અનુપમ શણગાર કરવામાં આવ્યો અને થાળ ધરવામાં આવ્યો હતો જેના દર્શનનો અને મહાપ્રસાદનો લાભ ભાવિકોએ મેળવી ધન્યતા અનુભવી હતી.

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૮૧મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પ યોજાયો



ચલાલા અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૮૧મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી-ગાંધીનગર ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ પુ.સંત ડો. રતિદાદાના આશીર્વાદથી મંગલ દિપ પ્રાગટ્ય દ્વારા થયો હતો. બધાને સારૂ થઈ જાય, બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી સાથે વ્યસનમુકત રહેવું, સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી-મળીને રહેવું જેવી વાત કેમ્પ દરમિયાન કરવામાં આવી હતી. સ્વ. અરૂણભાઈ રૂપારેલીયાની યાદમાં ! રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ - રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી ડો. વાઘેલાએ કરી હતી. જે પૈકી ૨૭ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. નેત્રયજ્ઞમાં ડો. વાઘેલા દ્વારા અનેક દર્દીઓને આંખની તપાસ પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. દંતયજ્ઞમાં ડો. અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાંત કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભૂષણ મહેશભાઈ અને મંજુબા તથા શીતલબેન સહીત સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી.

## એક જ દિવસમાં ૬ થી ૧૦ ઈંચ જેટલા વરસાદે પરેશાની ઉભી કરી

# વડિયા પંથકમાં ભારે વરસાદથી ખેતીપાકો તબાહ

**એક ખેડૂતની ૨૦ વીઘા જમીનમાં તૈયાર થતો મગફળીનો પાક સંપૂર્ણ નાશ પામ્યો**

**ખેડૂતોએ બિયારણ, ખાતર, દવાનો કરેલ ખર્ચ પાણીમાં ધોવાઈ ગયો**

**અનેક ગામોનાં ખેડૂતો ભારે વરસાદથી ચિંતિત બન્યા હોય સરકારી મદદ જરૂરી**

**કિસાન સંઘનાં અગ્રણીએ નુકસાનીનું સર્વે કરાવી સહાય કરવા માંગ કરી**







અમરેલી, તા. ૧૯

વડિયા પંથકમાં તાજેતરમાં થયેલા ધોધમાર વરસાદે ખેતીપાકોને વ્યાપક અસર કરી છે. ખાસ કરીને મગફળીના પાકને ભારે નુકસાન થયું છે. છેલ્લા ત્રણ દિવસથી વડિયા તથા આસપાસના વિસ્તારોમાં મોસમની અનિયમિત વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઈ હતી. એક જ દિવસમાં ૬ થી ૧૦ ઈંચ જેટલો વરસાદ ખાબકતા ગામડાંઓમાં પાણી ભરાઈ ગયું હતું. ઢૂંઢીયા અને પીપળીયા વિસ્તારમાં વરસાદની માત્રા સૌથી વધુ નોંધાઈ હતી જેમાં ૧૦ ઈંચ આસપાસ વરસાદ પડતા ખેતરોમાં નદી જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી.

ખેડૂતોના જણાવ્યા મુજબ મગફળીનો પાક પાણીમાં ધોવાઈ ગયો છે. અનેક ખેડૂતોએ પોતાના ખેતરમાં મગફળીના પાથરા કરેલા હતા, પરંતુ વરસાદના પાણીમાં પલળી જતાં મગફળી સડી જવાની ભીતિ છે. ઘણા ખેતરોમાં તો પાણીનો પ્રવાહ સીધો પાકને

**અનુસંધાન પાના ૬ ઉપર**

### દાયકાઓ બાદ તંત્રએ આળશ ખંખેરી

## અમરેલીનાં જાહેર માર્ગો ઉપર થયેલ દબાણ હટાવવાની કાર્યવાહી શરૂ કરાશે

**જો કે દબાણ હટાવાશે કે નહી તે જોવુ રહ્યુ**



અમરેલી, તા. ૧૯

અમરેલી શહેરના મુખ્ય માર્ગો ઉપર ફરી એક વખત દબાણ હટાવ કરવામાં આવે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. શહેરમાં આડેધડ રીતે ખડકી દેવામાં આવેલા દબાણ હટાવવા માટે વહીવટીતંત્ર દ્વારા માત્ર ૨૪ કલાકની મહેતર આપવામાં આવી છે. અને જો

**અનુસંધાન પાના ૬ ઉપર**

### જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતનાં માર્ગદર્શનતળે કામગીરી

## રાજુલા ખાતે 31 જેટલા ગુન્હાનાં આરોપીનુ પોલીસ ટીમ દ્વારા રીકન્સ્ટ્રકશન કરાવવામાં આવ્યુ

**સામાન્ય નાગરિકોમાં ભય દુર કરવા પોલીસની જહેમત**

અમરેલી, તા. ૧૯

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા, લોકોમા સુરક્ષા અને સલામતી અનુભવાય તથા સ્થાનીક પોલીસ અને વહીવટી તંત્રના માધ્યમથી અસમાજીક ગુંડા તત્વો વિરૂધ્ધ કડક શિક્ષામત્મક કાર્યવાહી કરવા અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ સુચના આપેલ હોય અને

**અનુસંધાન પાના ૬ ઉપર**






### તહેવાર સમયે કમાવાના બદલે ખાનગી વાહનોને કમાણી કરાવતું એસ.ટી. તંત્ર

## બગસરામાં એસ.ટી. તંત્ર દ્વારા આડેધડ રૂટો બંધ કરી દેવાતા મુસાફરોને પડતી હાલાકી

**તહેવાર સમયે જ એક સાથે અનેક રૂટો બંધ કરી દેતા મુસાફરો હેરાન પરેશાન**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરા એસ.ટી તંત્ર જાણે ખાડે ગયું હોઈ તેમ ધડાધડ એક સાથે અનેક રૂટો બંધ કરી દેવાતા અનેક મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે.

બગસરાની સાતમ આઠમના તહેવાર સમયે એસ ટી તંત્ર અનેક રૂટો બંધ કરી ખાનગી વાહનોને પ્રોત્સાહન આપવા નવી પહેલ કરી એસ.ટી નિગમને કમાવવાને બદલે આર્થિક નુકશાની કરાવતા સતાધિશોએ તારીખ ૧૬ના ૨૩ તારીખ ૧૭ના ૩૦ તેમજ તારીખ ૧૮ના ૧૮ અને તારીખ ૧૯ના ૧૩ જેટલાં રૂટો બંધ કરી દેવામાં આવતા મુસાફરોમાં ઓહાપો મચી ગયો

**અનુસંધાન પાના ૬ ઉપર**

### અઠવાડિયામાં બે દિવસ ચાલુ ૫ દિવસ બંધ

## અમરેલીના લાપાળીયામાં મોબાઈલ ટાવર બંધ થઈ જતા લોકો ત્રાહિમામ

**વાત કરવા માટે ઘરેથી નીકળી ગામની બહાર જવું પડે તેવી સ્થિતિ**

અમરેલી, તા. ૧૯

અમરેલીના લાપાળિયામાં છેલ્લા એક મહિનાથી મોબાઈલ ટાવર અઠવાડિયામાં પાંચ દિવસ બંધ થઈ જતો હોવાના કારણે લોકોના દૈનિક કાર્યો પણ ખોરંભે ચડી ગયા છે. મોબાલમાં વાત કરવી હોય તો પણ લોકોને ગામની બહાર સુધી જવું પડે છે જેના કારણે લોકો ત્રાહિમામ પોકારી ઊઠયા છે અને ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.

અમરેલીના લાપાળિયામાં ભારતીય સંચાર નિગમને પૂર્વ સાંસદે પણ અનેક વખત રજુઆત કરી હતી તેમ છતા પણ મોબાઈલ ટાવર નાખવામાં આવતો નથી. જયારે એકમાત્ર જીઓ કંપની દ્વારા

**અનુસંધાન પાના ૬ ઉપર**

**છોકરાની જરૂર છે.**

ઓફીસ વર્ક કરી શકે તેવા છોકરાની જરૂર છે.

(કોમ્પ્યુટરના જાણકાર)

લાયકાત : ધો. ૧૨ પાસ / કોલેજ

રૂબરૂ સવારનાં ૧૦:૦૦૦ થી સાંજના ૬:૦૦ સુધીમાં સંપર્ક કરો...

**K.M.DHADHAL રેપો & કલેકશન એજન્સી**

ઓફીસ નં.૨૦૮, બીજા માળે, સીટી પોઈન્ટ કોમ્પલેક્ષ, ઈન્ડીયન ઓઈલ પેટ્રોલપંપની સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૭૭૦




### લોકરક્ષક અજયભાઈ મેરને ધમકી

## ચાવંડ ગામે જુગારધામ ઉપર દરોડો કરવા જતાં ફરજમાં રૂકાવટ

**લોકરક્ષકે પોલીસ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૧૯

અમરેલીના લાઠી પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા અજયભાઈ રઘુભાઈ મેર તથા તેમની સાથેના પોલીસ સ્ટાફ દ્વારા તા. ૧૬ના રોજ વ્હેલી સવારે ૩:૩૦ વાગ્યે ચાવંડ ગામે જુગાર રમાતો હોવાની બાતમીના આધારે દરોડો કરેલ હતો. જે વાતનુ મનદુઃખ રાખી લાઠી તાલુકાના ચાવંડ ગામે રહેતા આરોપી કીરીટભાઈ કેસુરભાઈ સોરઠીયા ચાવંડ પોલીસ ચોકીએ આવેલ અને પોલીસ કર્મી તથા સ્ટાફ તેમની કાયદેસરની ફરજ ઉપર કામગીરી કરી રહેલ હતા. તે દરમ્યાન આરોપીએ પોલીસ કર્મી સાથે જેમફાવે તેમ ગાળો બોલી ચાંવડમાં આવા કોઈ જુગારના કેસ કરવાના ન હોય તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ બાજુમાં પડેલ ખુરશી ઉપાડી પોલીસ કર્મીને મારવા દોડી પોલીસ ઉપર હુમલો કરી પોલીસ કર્મીને જાનથી મારી નાખવાની ધમકી આપી પોલીસ કર્મીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી નાસી જતા આ બનાવમાં લાઠી પોલીસમાં ફરજ બજાવતા અજયભાઈ રઘુભાઈ મેર દ્વારા આરોપી સામે ફરિયાદ નોંધાઈ છે.

### સાજણાવાવ ગામનાં ઈસમ વિરૂધ્ધ ફરિયાદ

## રાજુલાનાં ગ્રામ્ય વિસ્તારમાં આવેલ આંગણવાડીમાં મહિલા ઉપર નિર્લજ્જ હુમલો

**આંગણવાડીનાં રસોડામાં ઢસડીને લઈ ગયા**

અમરેલી, તા. ૧૯

રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૩૮ વર્ષિય પરિણીતા પોતાના ગામે આવેલ આંગણવાડીમાં ગત તા. ૧૮ના રોજ સવારે ૧૧:૩૦ વાગ્યે હાજર હતા. ત્યારે સાજણાવાવ ગામે રહેતા આરોપી પોપટભાઈ પોલાભાઈ જોગરાણા આંગણવાડીમાં આવી પરિણીતાનો હાથ પકડી તેણીને ઢસડી આંગણવાડીના રસોડામાં લઈ જઈ તેણીની આબરૂ લેવાના ઈરાદે તેણી ઉપર નિર્લજ્જ હુમલો કરતાં તેણી રાડા–રાડી કરવા લાગતા આરોપી નાસી જતા આ અંગે પરિણીતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)